RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 Issue : 327 Dt. 11-06-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# મોદીની હત્યા કરવા ખાલિસ્તાનીઓની ધમકી

## મોદી ખાલિસ્તાન આવે એટલી જ રાહ : ત્રિરંગાનું કર્યું અપમાન






રાજકોટ તા. ૧૦
ભારત દ્વારા મોસ્ટ વોન્ટેડ જાહેર કરવામાં આવેલા કેટલાક ખાલિસ્તાની આતંકવાદીઓ કેનેડામાં આશ્રય લઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી કનેડામાં ખુલ્લે આમ ખાલિસ્તાન તરફી રેલીઓ કાઢવામાં આવી રહી છે, જેમાં ભારત વિરોધી નારા પણ લાગવવામાં આવે છે. જેને કારણે ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારીય તણાવ પેદા થયો છે. એવામાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓએ હવે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાની ધમકી આપી છે.

આ વખતે G7 સમિટ કેનેડાના આલ્બર્ટામાં યોજવાની છે, કેનેડાના નવા ચૂંટાયેલા વડા પ્રધાન માર્ક કાર્નેએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ સમિટ માટે આમંત્રણ પાઠવ્યું હતું. કેનેડિયન વડાપ્રધાનના આ પગલાનો ખાલિસ્તાની ઉગ્રવાદીઓએ વિરોધ કરી રહ્યા છે. એક રેલી દરમિયાન ખાલિસ્તાની ઉગ્રવાદીઓએ ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપી હતી અને ભારતીય રાષ્ટ્રધ્વજ ત્રિરંગાનું અપમાન કર્યું હતું.

શુક્રવારે ફોન પર વાતચીત દરમિયાન વડા પ્રધાન મોદીએ G-7 સમિટમાં હાજરી આપવા માટે કાર્નેના આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. કેનેડા-ભારત વચ્ચે બગડેલા સંબંધો સુધારવા માટે આ મહત્વનું પગલું માનવામાં આવી રહ્યું છે. તો બીજી બાજુ તરફ ખાલિસ્તાની સમર્થકોએ વાનકુવર અને કેનેડાના અન્ય શહેરોમાં રેલીઓ કાઢી, મોદીની હત્યા કરો ના નારા લગાવ્યા હતાં.

કેનેડાના એક પત્રકારે ખુલાસો કર્યો છે કે એક રેલી દરમિયાન ખાલિસ્તાની સમર્થકોએ ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેઓ પીએમ મોદીની રાજનીતિનો પણ એ જ રીતે અંત લાવશે.




# ઓસ્ટ્રિયાની સ્કૂલમાં ફાયરિંગ

## વિદ્યાર્થીઓ-શિક્ષક સહિત ૧૧ મોત

### બોર્ગ ડ્રેયર્સચુટજેનગેસ હાઈ સ્કૂલમાં બની ઘટના

રાજકોટ તા. ૧૦
ઓસ્ટ્રિયામાં સ્કૂલમાં ગોળીબાર થયાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં આઠ લોકોના મોત થયા છે. મૃતકોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષક સામેલ છે. શંકાસ્પદ પણ વિદ્યાર્થી હતો, તેણે ખૂદને ગોળી મારી હતી. પોલીસે કહ્યું કે, સ્કૂલની અંદર ગોળીબારનો અવાજ સાંભળ્યા બાદ સવારે ૧૦ વાગ્યાથી શહેરમાં મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

ઓસ્ટ્રિયાના ગૃહ મંત્રાલયે કહ્યું કે, અનેક લોકોના મોત થયા છે. પરંતુ સંખ્યા જણાવી નહોતી. ઘટનામાં કેટલા વિદ્યાર્થી અને કેટલા શિક્ષક હતા તે જણાવાયું નથી. સામૂહિક ગોળીબારની ઘટનામાં ઘાયલ થયેલા લોકોની સંખ્યા અંગે પુષ્ટિ થઈ નથી.

માસ ફાયરિંગની ઘટના બોર્ગ ડ્રેયર્સચુટજેનગેસ હાઈ સ્કૂલમાં બની હતી. આ ઘટનામાં ઓછામાં ઓછા ૮ લોકોના મૃત્યુ થયા છે. શૂટરે આત્મહત્યા કરી હોવાનો પણ દાવો કર્યો હતો. જોકે સત્તાધીશો દ્વારા હજુ તેની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

પોલીસ પ્રવક્તા સબરી યોરગુને કહ્યું કે, સ્થાનિક સમય મુજબ સવારે ૧૦ કલાકે ફોન આવ્યા બાદ વિશેષ દળોને હાઈ સ્કૂલ મોકલ્યા હતા. અધિકારીઓ ઘટનાની તપાસ કરી રહ્યા છે. સવારે ૧૧.૩૦ કલાકે ગ્રાજ પોલીસે એક્સ પર લખ્યું, સ્કૂલને ખાલી કરાવી લેવામાં આવી છે અને વિદ્યાર્થીઓ કર્મચારીઓને સુરક્ષિત સ્થળ પર મોકલી દેવામાં આવ્યા છે.


# સૌરાષ્ટ્ર-દ.ગુજરાતમાં ૧૫ જૂન સુધી ગાજવીજ સાથે વરસાદની નવી આગાહી

## એક તરફ વરસાદી માહોલ અને બીજી તરફ અસહ્ય ઉકળાટ

અમદાવાદ, તા.૧૦
સૌરાષ્ટ્ર-ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ છે, તો કેટલીક જગ્યાએ કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી ૧૫ જૂન સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ૧૦ થી ૧૨ જૂન દરમિયાન ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

રાજ્યમાં આગામી ત્રણ દિવસ પછી ૧૯થી વધુ જિલ્લામાં વરસાદની આગાહી છે. જેમાં ૧૩ જૂનના રોજ



ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે હળવો વરસાદ રહેશે.

જ્યારે ૧૪-૧૫ જૂનના રોજ રાજકોટ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દાહોદ, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, ભરુચ, વડોદરા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

### ૨૦૨૪માં દિલ્હી, હૈદ્રાબાદ, અમૃતસર, ચેન્નાઈ બાદ હવે દેશના અન્ય ભાગોમાં ઈ-પાસપોર્ટ સેવા લોન્ચ થશે

# ઈ-પાસપોર્ટ સેવા વિસ્તારાશે

## બધી વિગતો ચિપમાં ; છેતરપિંડીની શકયતા નહિ

રાજકોટ તા. ૧૦
દિલ્હીમાં સામાન્ય બુકલેટવાળા પાસપોર્ટના બદલે આઈએફઆઈડી (રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન) ચિપવાળા પાસપોર્ટ બનવા શરૂ થઈ ચૂકયા છે. પાસપોર્ટના કવર પર લાગેલ આ નાનકડી ચિપમાં પાસપોર્ટધારકની પુરી વિગત નોંધાશે.

પાસપોર્ટ વિભાગનું કહેવું છે કે, આઈએફઆઈડી ચિપવાળા પાસપોર્ટ સામાન્ય પાસપોર્ટની તુલનામાં વધુ સુરક્ષિત રહેશે, તેમાં છેડછાડ કરવી સંભવ નથી. વર્ષ ૨૦૨૪માં હૈદ્રાબાદ, અમૃતસર, ચેન્નાઈ સહિત દેશના ૧૨ ક્ષેત્રીય પાસપોર્ટ કાર્યાલયમાં તેને પાયલોટ પ્રોજેકટ તરીકે શરૂ કરવામાં આવ્યા હતા.

તેમાં સફળતા બાદ અન્ય શહેરોમાં પણ ઈ-પાસપોર્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં હવે જે નવા પાસપોર્ટ બનશે કે જેનુ નવીનીકરણ થશે.

તે બધા આરએફઆઈડી ચિપવાળા હશે. પાસપોર્ટ પર લાગેલી ચિપમાં ચહેરાનો ફોટો, આંગળીના નિશાન, આઈરીસ સ્કેન સહિત એન્ક્રીપ્ટેડ વ્યક્તિગત અને બાયોમેટ્રીક ડેટા હોય છે.

ઠગાઈ કરવી મુશ્કેલ બનશે: ઈ-પાસપોર્ટને વધુ સુરક્ષિત માનવામાં આવે છે. પાસપોર્ટ વિભાગનું કહેવું છે કે, ઈ-પાસપોર્ટ ઈ-પાસપોર્ટમાં છેડછાડ, ઠગાઈ, નકલી પાસપોર્ટ જેવી આપરાધિક ગતિવિધિ નહીં થઈ શકે. જૂના પાસપોર્ટની માન્યતાની તારીખ માન્ય છે, તેને હજુ બદલવાની જરૂર નથી.




### ઓપરેશન સિંદૂર બાદ સી-વોટરનો સર્વે

# આતંકવાદ સામે જંગ અને રાષ્ટ્રીય સુરક્ષા મામલે સરકારનું કામ ઉત્કૃષ્ટ

રાજકોટ તા. ૧૦
મોંઘવારી પર નિયંત્રણ, ભ્રષ્ટાચાર અને રોજગાર પર નિયંત્રણ જેવાં મુદ્દાઓ વચ્ચે મોદી સરકારને આતંકવાદ વિરુદ્ધ લડાઈ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ઉઠાવવામાં આવેલા પગલા પર દેશમાં સૌથી વધુ સમર્થન મળી રહ્યું છે.

પાલગામ અને ત્યારબાદ ઓપરેશન સિંદૂર બાદ કરવામાં આવેલા સી-વોટર સર્વે અનુસાર અડધાથી વધુ લોકોનું માનવું છે કે સરકારે મોટું કામ કર્યું છે. તેઓ એમ પણ કહે છે કે આ સરકારના કાર્યકાળ દરમિયાન ભારત વૈશ્વિક નેતા બન્યું છે.

કદમાં નોંધપાત્ર વધારો થયો છે. ૭-૯ જૂન વચ્ચે દેશભરમાં કરવામાં આવેલા એક સર્વે અનુસાર અડધાથી વધુ લોકોએ કહ્યું હતું કે, ઓપરેશન સિદુર પર મોદી સરકારનું સમર્થન કરવા બદલ શશિ થરૂરની ટીકા કરી હોવાથી કોંગ્રેસે પોતાની છબી ગુમાવી દીધી છે. ૫૯.૩ ટકા લોકોએ કહ્યું કે તેઓ ૨૦૨૯ પછી પણ મોદીને વડા પ્રધાન તરીકે જોવા માંગે છે.




આ સર્વેમાં તમામ રાજ્યો અને જિલ્લાઓને કવર કરવામાં આવ્યાં હતાં. ૧૮ વર્ષથી વધુ વયના કુલ ૨,૫૯૨ લોકોના કમ્પ્યુટર-આસિસ્ટેડ ટેલિફોન દ્વારા ઈન્ટરવ્યુ લેવામાં આવ્યાં હતાં. જ્યાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા સરકારના પગલાંઓને ૫૩.૯ ટકા લોકોએ સરસ ગણાવ્યાં હતાં.

માત્ર ૨૬.૩ ટકા લોકોએ જણાવ્યું હતું કે બેરોજગારીને પહોંચી વળવા માટેના પગલાં 'ખૂબ જ અસરકારક' હતાં, જ્યારે ૩૦.૮ ટકા લોકોએ સરકારની કામગીરીને ઉત્તમ ગણાવી હતી.

મોદી સરકારના સૌથી પ્રભાવશાળી સુધારા અંગે પૂછવામાં આવતાં એકંદરે ૧૯.૯૧ ટકા લોકોએ ડિજિટલ ઈન્ડિયા સાથે જોડાયેલી પહેલને પ્રાધાન્ય આપ્યું હતું. વિપક્ષના સમર્થકોમાં તેને ૨૪ ટકા લોકોએ પસંદ કર્યું હતું. એનડીએના સમર્થકોમાં સૌથી વધુ ટકાવારી (૨૪.૬ ટકા)એ જણાવ્યું હતું કે ૩૭૦ હટાવવાની પ્રક્રિયા અસરકારક છે.

# બેંકોના હિસાબમાં વિજય માલ્યા પાસે હજુ રૂા. ૭૦૦૦ કરોડ બાકી

## કુલ લોન ૬૪૪૮ કરોડ પણ વ્યાજના ૧૦૯૩૩ કરોડ ચડી ગયા

રાજકોટ, તા. ૧૦
હું ચોર નથી, ભાગેડુ છું તેવુ વિધાન કરીને પોતે ભારતીય બેન્કોના તમામ લેણા ભરી દીધા હોય તેવો દાવો કરનાર વિજય માલ્યા સામે હવે બેન્કોએ બાયો ચડાવી છે અને માલ્યા પાસે હજુ પણ રૂા.૭૦૦૦ કરોડ જેટલી રકમ અલગ અલગ બેન્કો માંગતી હોવાનો દાવો કર્યો છે.

માલ્યાએ એવું જણાવ્યું હતું કે, તેમની રૂા.૬૨૦૦ કરોડની જવાબદારી સામે બેંકોએ ૧૪૦૦૦ કરોડ જેટલી મિલ્કતો મારફત નાણા મેળવી લીધા છે પરંતુ બેન્કોએ નિયમ બતાવતા કહ્યું કે, જયાં સુધી લોન ડિફોલ્ટર તેની લોનના પુરા નાણા ઉપરાંત વ્યાજ અને પેનલ્ટી ચુકવી ન દે ત્યાં સુધી તે ડિફોલ્ટર જ છે.

માલ્યાની પાંચ બેન્કોના મુખ્ય ધિરાણ રૂા.૬૮૪૮ કરોડની સામે તેના વ્યાજ અને પેનલ્ટીના રૂા.૧૦૯૩૩ કરોડ આમ કુલ ૧૭૭૮૧ કરોડ લેણા છે. જેની સામે બેન્કોને રૂા.૧૦૮૧૪ કરોડ મળ્યા છે.



આમ તે હજુ રૂા.૭૦૦૦ કરોડની રકમ બેન્કોએ વસુલવાની છે. આમ કહીને માલ્યાના એ દાવાને તોડી પાડયું છે કે તેણે બેન્કોના પુરેપુરા નાણા ચુકવી દીધા છે.

# ભારતના પરોઠા, મિસળ પાંવ અને છોલે ભટુરેના સ્વાદનો દુનિયાને લાગ્યો ચસ્કો

## દુનિયાના સૌથી સ્વાદિષ્ટ ૧૦૦ બ્રેકફાસ્ટના લિસ્ટમાં સામેલ



રાજકોટ તા. ૧૦

દુનિયાભરમાં ભારતના પરાઠા, મિસળ પાંવ, છોલે ભટુરે અને શ્રીખંડ લોકોનું મનપસંદ ફૂડ છે અને તેને ખુબ જ પ્રેમથી ખાવામાં આવે છે. આ બાબતનો ખુલાસો લોકપ્રિય ફૂડ ગાઈડ ટેસ્ટ એટલસે કર્યો છે. ખરેખર તો તેણે દુનિયામાં સવારના નાસ્તા માટે પસંદ કરવામાં આવતી ટોપ ૧૦૦ વાનગીની યાદી જાહેર કરી છે. જેમાં ભારતનો આ ચાર વાનગી છે. લિસ્ટમાં પહેલા નંબર તુર્કીએની કાહવાલ્ટી, બીજા નંબરે સર્બિયાની કોમપ્લેટ લેપિંજા અને ત્રીજા નંબરે લીબિયાની ફિન્જ વાનગી છે. આ ઉપરાંત પાકિસ્તાનની બે અને ચીનની એક વાનગી પણ લિસ્ટમાં છે.

### મહારાષ્ટ્રનું મિસળ ૧૮માં નંબરે

મહારાષ્ટ્રના મિસળ પાંવમાં એક શાકની કઢી હોય છે. તેને મિસળના નામથી ઓળખવામાં આવે છે. તેની સાથે પાંવ એટલે કે બ્રેડ હોય છે. ઉપરાંત તેની સાથે સેવ ડુંગળી, લીંબુ પણ પીરસવામાં આવે છે. પોતાની વેબસાઈટ પર આ વાનગીનું વર્ણન કરતા ટેસ્ટ એટલેસ લખ્યું-બહેતર મિસલનું મસાલેદાર હોવું જરૂરી છે. તેનો આધાર કુરકુરા હોવું જોઈએ.

### ૨૩માં ક્રમે પરોઠા

દુનિયાના બહેતરિન બ્રેકફાસ્ટમાં ભારતના પરોઠા પણ સામેલ છે. ટેસ્ટ એટલસે કહ્યું છે-માખણ ચોપડેલા ગરમ પરોઠાની ખુશ્બૂથી ભાગ્યે જ કોઈ શકે.

### ૩૨માં ક્રમે સ્વાદિષ્ટ છોલે ભટુરે

લોકપ્રિય છોલે ભટુરે ભારતના ખૂણા ખૂણામાં મશહુર છે જ, તેનો દુનિયાના લોકોને ચસકો લાગ્યો છે. ભટુરા મેંદામાંથી બનાવવામાં આવે છે. જેને ખાસ રીતે તૈયાર કરવામાં આવે છે.

### ૬૦માં સ્થાને શ્રીખંડ

મહારાષ્ટ્રના શ્રીખંડથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. તે સૌથી મોંઘા, કેસર સાથે મિશ્રિત મલાઈદાર દહીંમાંથી બનાવવામાં આવે છે.

ત્રણ શખ્સો ધારીયા, પાઈપ સહિતના હથિયારો સાથે તૂટી પડયા

આધેડને હોસ્પિટલ ખાતે ખસેડાયાઃ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

# ગાડી ધીમું ચાલવાનું કે'તા આધેડને ધારિયાના ત્રણ ઝીંકી દીધા

રાજકોટ તા.૧૦

'કાણાને કાણો નવ કહીએ કડવા લાગે વેણ,હળવે રહીને પૂછીએ શેણે ખોયા નેણ?' કહેવત જેવો જ એક બનાવ શહેરમાં સામે આવ્યો છે માં જેમાં પૂરપાટ બાઈક ચલાવાની ના પાડતાં મોહનભાઈને દવાખાને દાખલ થવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી મુજબ બેડી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા એકસાઇઠ વર્ષીય મોહનભાઈ જાદવભાઈ નંદાણીયાએ અવારનવાર ફુલ સ્પીડ બાઈક ચલાવતા યુવકને ગાડી ધીમે ચાલવાનું કહેવાનો ખાર રાખીને બાદમાં ઉશ્કેરાયને ધારીયા,પાઇપ સહીતના હથિયારો સાથે ત્રણ શખ્સોએ ઢીકા પાટુનો માર પણ માર્યો હતો.

ફરિયાદીમાં જણાવ્યા મુજબ ફરીયાદી મોહનભાઈ ઘર પરીવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે અને તેમને સંતાનમાં બે દીકરા છે જેમા સૌથી મોટો દુષ્યંત તેનાથી નાનો જયદીપ છે અને બન્ને દીકરાના લગ્ન થઇ ગયેલ છે.

ગઇ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ સાંજના ચારેક વાગ્યાની આસપાસ મોહનભાઈ બેડી ગામ વિશાલ રેસ્ટોરન્ટ સામે ગાત્રાળ પાન પાસે હતા ત્યારે તેમના ગામના સુરેશભાઇ જેન્તીભાઈ વડેચા તેમને જોઇ જતા તેમને કહેવા લાગેલ કે અમારી શેરીમાંથી કેમ નીકળસ અમારી ડેલી સામે જોતો નહી તેમ કહી ત્યાથી જતા રહ્યો હતો બાદ મોહનભાઈ કામ અર્થે રાજકોટ ગયેલ હતા.

ત્યાર બાદ રાત્રીના નવેક વાગ્યે ફરિયાદી ઘરે ગયા ત્યારે તેમના પત્ની હંસાએ ફરિયાદીને વાત કરેલ કે આજ સાંજના સાડા છ વાગ્યાની આસપાસ હુ તથા જયદીપના પત્ની કાજલ એમ બન્ને ઘરે હતા ત્યારે આ સુરેશ વડેચા આપણા ઘરે આવ્યા હતા અને અમોને કહેવા લાગ્યા હતા કે તમારા ઘર વાળાને તમારા ઘરની બહાર કાઢતા નહી નહીતર હુ તેના ટાંટિયા ભાંગી નાખીશ અને મારી નાખીશ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા અને પછી તે જતા રહ્યા હતો. આવી વાત હંસાબેને તેમના પતિને વાત કરેલ.

પછી જમી પરવારીને ફરિયાદી રાજકોટ મોરબી હાઈવે મધુરમ હોસ્પીટલની સામે આવેલ શ્રી પાન નામની હોટલે હતા ત્યારે રાત્રીના સાડા આગીયારેક વાગ્યાના અરસામાં આરોપી સુરેશભાઈ તથા તેનો સગો ભાઈ બાબુભાઇ તથા એક અજાણ્યો વ્યક્તિ ફરીયાદી પાસે આવેલ અને આરોપી સુરેશભાઈ પાસે ધારીયુ હતુ અને એક અજાણ્યા વ્યકતિ તેના હાથમાં લોખંડનો પાઇપ હતો બાદ આરોપી સુરેશભાઇ તથા તેનો ભાઇ બાબુભાઇ બન્ને મોહનભાઈને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને કહેવા લાગેલ કે આજ તો તારા ટાંટિયા ભાંગી જ નાખવા છે અને તને પતાવી દેવો છે તેમ કહી આરોપી સુરેશએ મોહનભાઈને ધારીયા વડે ડાબા હાથમાં ત્રણ ઘા મારેલ અને તેની સાથે રહેલ એક અજાણ્યા વ્યકતિએ પાઇપ વડે ડાબા પગમાં બે ત્રણ ઘા માર્યા હતા.

અને બાબુ જેમ ફાવે તેમ ઢીકાપાટાનો માર મારવા લાગેલ ત્યારે મોહનભાઈ રાડો દેકારો કરવા લાગતા ત્યા આજુ બાજુમાથી માણસો ભેગા થઇ ગયેલ અને તેમના ગામના નિલેષભાઇ દોમડીયા તથા રમેશભાઈ દોમડીયા વચ્ચે પડી ફરિયાદીને છોડાવેલ

અને આરોપી સુરેશ તથા તેનો ભાઈ બાબુ તથા તેની સાથેનો અજાણ્યો વ્યક્તિ ત્યાથી ફરાર થઈ ગયા હતા અને તેમને ડાબા હાથમાં તથા પગમાં લોહી નીકળવા લાગેલ હોય જેથી નિલેષભાઈ દોમડીયાએ ફરિયાદીના મોબાઇલ ફોનથી ૧૦૮માં ફોન કર્યો હતો અને કોઈકે તેમના દીકરા જયદીપને ફોન કરતા જયદીપ પણ ત્યા આવી ગયેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા ફરીયાદી તથા તેમનો દીકરો જયદીપ બન્ને એમ્બ્યુલન્સમાં બેસી સીવીલ હોસ્પીટલ ગયેલ અને સીવીલ હોસ્પીટલમાં ડોક્ટરે ફરિયાદીને વધારે ઈજા થયેલ હોય જેથી ડાબા હાથે તથા ડાબા પગે સારવારના પાટા બાંધી રજા આપી દીધેલ અને રજા આપ્યા બાદ અમારે સમાધાનની વાત ચાલતી હોય જેથી ફરિયાદીએ જે તે વખતે ફરીયાદ આપેલ નહી બાદ આરોપી સુરેશ તથા તેના ભાઇ બાબુ સાથે આવેલ અજાણ્યો વ્યકતિ તેનો ફુઈનો દીકરો વનરાજ હોવાનુ ફરિયાદીને જાણવા મળેલ હતુ.

આ બનાવનુ કારણ એ છે આજથી છ એક મહીના પહેલા સુરેશ ફરિયાદીની શેરીમાં તેનુ બાઇક લઇ ફુલ સ્પીડમાં બે ત્રણ વખત નીકળેલ હોય જેથી ફરિયાદી એ તેને એક દીવસ ઉભો રાખી બાઇક ધીમુ ચલાવવાનુ કહેતા તેને મનમાં ખોટુ લાગી ગયુ હતું. આ બાદ ફરીયાદી સાથે સુરેશ તથા તેનો ભાઈ બાબુભાઈ તથા તેનો ફુઇનો દીકરો વનરાજ એ ભેગા મળી ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી અને સુરેશએ ધારીયા વડે ફરિયાદીને ડાબા હાથમાં ત્રણ ઘા મારી તથા તેના ફુઈના દીકરા વનરાજે ડાબા પગમાં પાઇપ વતી બે ત્રણ ઘા મારી તથા બાબુએ ઢીકા પાટા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોય જેથી આ ત્રણેય વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ કરેલ છે.

અગાઉ અમારે સમાધાનની વાત ચાલતી હોય જેથી ફરિયાદીએ જે તે વખતે ફરીયાદ આપેલ ન હતી તેવું ફરિયાદીએ જણાવ્યું હતું. પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જણાવ મળે છે.



### આડાસંબંધોનો વધુ એક વખત આવ્યો કરૂણ લોહીયાળ અંત

# મામીને પ્રેમી ભાણેજે છરીથી ગળુ કાપી ક્રુરતાથી રહેંસી

## પાંચ વર્ષથી મામીના પ્રેમમાં પડેલો ભાણેજ મામીની દિકરી સાથે પણ કરતો હતો પ્રેમભરી વાતોઃ મામીએ વાંધો ઉઠાવતાં રોષે ભરાયો અનેખોફનાક કાવતરાને અંજામ આપ્યો

રાજકોટ તા. ૧૦

પ્રેમ કરવો અને પ્રેમમાં પડવું એ ગુનો નથી, પરંતુ પ્રેમના નામે ખેલ ખેલવાનું પરિણામ હમેંશા ખતરનાક અને ચોંકાવનારૂ તેમજ કરૂણ આવતું હોય છે. પ્રેમાંધ પરિણીત પ્રેમીપંખીડાએ ભાગ્યા બાદ સજોડે વખ ઘોળી આપઘાત કરી લીધાની ઘટના તાજી જ છે ત્યાં હવે મામી-ભાણેજે પ્રેમમાં પડી સંબંધો શર્મસાર કર્યા હતાં. આ પ્રેમસંબંધનો અતિ કરૂણ અંત આવ્યો છે. ભાણેજે મામીની હત્યા કરી નાંખી છે. હત્યારો ભાણેજ મામીને ફસાવીને તો બેઠો જ હતો, સાથે સાથે મામીની દિકરી સાથે પણ વાતો કરતો હતો. આ કારણે મામી-ભાણેજ વચ્ચે ઉભી થયેલી માથાકુટ મામીની હત્યા સુધી પહોંચી હતી.

ચોંકાનવારી અને લાલબત્તી સમાન આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો પ્રેમપ્રકરણ-આડાસંબંધમાં હત્યાની ઘટના દાહોદમાં બની છે. જેમાં મામીની ભાણેજે હત્યા કરી નાંખી છે. ગુજરાતમાં મારામારી, લૂંટ અને હત્યા સહિતના ગુનાહિત બનાવો સતત સામે આવી રહ્યા છે. ત્યાં હવે ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. દાહોદ હાઈવે પર જૂની સેલટેક્ષ નજીક એક અવાવરૂ જગ્યાએથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં ખુલાસો થયો કે મહિલાનો હત્યારો બીજો કોઈ નહીં, પરંતુ તેનો જ ભાણેજ હતો. પોલીસની સુત્રોના જણાવ્યા અનુસાર, ઈન્દોર-દાહોદ હાઈવેની બાજુમાં આવેલી જૂની સેલટેક્ષની અવાવરૂ ઓરડીમાંથી ૫ જૂને એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

પોલીસે તપાસ કરતાં મૃતક મહિલાનું નામ વર્ષાબહેન ઉર્ફે લીલાબહેન હોવાનું સામે આવ્યું હતું. જેઓ મૂળ પંચમહાલના મોરવા ગામના વતની હતા. તેમના લગ્ન ઝાલોદના ગામડી



ગામે થયા હતા અને હાલ તેઓ પરિવાર સાથે મધ્યપ્રદેશના જાંબુવા ખાતે રહેતા હતા. આ મામલે પોલીસે તપાસની શરૂઆત કરી ત્યારે એક કડી મળતાં પછી સીસીટીવી કેમેરા ચકાસવાનું શરૂ કર્યુ હતું. જેમાં મધ્યપ્રદેશથી લઈને દાહોદ સુધીના ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાની તપાસ કરી હતી. તેના ફળ સ્વરૂપે મહિલા એક પુરૂષ સાથે બાઈક પર જોવા મળી હતી. પોલીસે બાઈકના માલિકને પકડતાં તેણે આ બાઈક દાહોદના ખરોડ ગામના પ્રવિણ જુવાનસિંગ પામાણીને વેચી હોવાનું જણાવ્યું.પોલીસે પ્રવિણની પૂછપરછ કરતાં તેણે ચોંકાવનારા ખુલાસા કર્યા.

આ પછી પોલીસ સમક્ષ પ્રવિણ પોપટ બની ગયો હતો અને કબુલ્યું હતું કે તેના અને તેની મામી વર્ષાબહેન ઉર્ફે લીલાબહેન વચ્ચે છેલ્લા પાંચ વર્ષથી પ્રેમસંબંધ હતા. પરંતુ ભાણેજ પ્રવિણ હદ વટાવીને મામીની દિકરી એવી બહેન સાથે પણ પ્રેમભરી વાતો કરતો હતો. આ વાતની જાણ મામીને થતાં તેમણે -વિણને દીકરીને છોડી દેવાની વાત કરી. જો તે આમ નહીં કરે તો પોતાના પ્રેમસંબંધની વાત બધાને કહી દેવાની અને પોલીસમાં પૂરાવી દેવાની મામીએ ધમકી આપી હતી. આ ધમકીની દાઝ રાખીને ભાણેજ પ્રવિણે મામીની હત્યાનો ઘાતકી પ્લાન બનાવ્યો હતો અને તેનો અમલ પણ કર્યો હતો.

કાવતરાના ભાગ સ્વરૂપે પ્રવિણ ભિક્ષાવૃત્તિ કરતી તેની મામીને મધ્યપ્રદેશના જાંબુવા કલ્યાણપુરા ચોકડીથી પોતાની સાથે લઈને નીકળ્યો હતો. દાહોદની આસપાસના ગામડાઓમાં અનાજ માંગવા ફર્યા બાદ, તેઓ દાહોદ હાઈવે ખાતે જૂની સેલટેક્ષની ઓરડીમાં રાત્રે રોકાયા હતા. આ દરમિયાન જ રાત્રે લગભગ ત્રણ વાગ્યે આરોપી ભાણેજ પ્રવિણે મામી વર્ષાબહેનના ગળાના ભાગે ચાકુ ફેરવીને નિર્મમ રીતે મોતને ઘાટ ઉતારી દીધા. ઘટનાને અંજામ આપીને આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે દાહોદ પોલીસે ઝીણવટભરી તપાસ કરીને આરોપી ભાણેજ પ્રવિણની ધરપકડ કરી લીધી છે અને આ ગુનામાં આગળની કાર્યવાહી હાથ ધરી છે. આમ આડાસંબંધ વધુ એક વખત લોહીયાળ, જીવલેણ સાબિત થયા હતાં.

# અનુ. જાતિના પ્લોટધારકોને દસ્તાવેજ કરી આપવામાં મનપાના ઠાગા ઠૈયા

## સરકારને તંત્ર જવાબ પણ નહીં આપતું હોવાની ફરિયાદ



રાજકોટ, તા. ૧૦

૧૯૯૭-૯૮માં શહેરમાં વસતા અનુ.જાતિ અને અનુ.જનજાતિ લોકો માટે આરટીઓ ઓફિસ પાસે પ્લોટ ફાળવવામાં આવ્યા બાદ રકમ ભરપાઇ કરવાની કામગીરીમાં મનપાએ સમય બગાડતા સરકારમાં ફરિયાદ છતાં આ પ્રશ્ન નહીં ઉકેલાયાની રજુઆત કરવામાં આવી છે.

સમગ્ર મ્યુ. હુડકો મહામંડળના ચેરમેન દાનુભા સોઢાએ કમિશનરને મળીને રજુઆત કરી છે કે ૧૯૯૭-૯૮માં આરટીઓ પાસેના સર્વે નં.૧૩૪માં ડ્રોથી પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જનરલ બોર્ડમાં રૂા. ૮૦૦ ભાવ નકકી કરાયો હતો. બે આસામીને સરકારની મંજૂરી બાદ દસ્તાવેજ કરી આપવાના હતા જે કામ આજ સુધી થયું નથી.

૨૦૨૪માં આ અંગે સરકારમાં ફરિયાદ કરતા અરજી કમિશ્નરને નિકાલ કરવા મોકલાઇ હતી. છતાં ૨૦૧૭ પછી મનપાએ સચિવને કોઇ જવાબ આપ્યો નથી. મહામંડળની અરજીને ૧૬ માસ જેવો સમય થઇ જવા છતાં કોર્પો. ગાંધીનગર જવાબ આપતું નથી જેથી આ પ્રશ્નનો તાત્કાલીક નિકાલ લાવવા અશ્વિનભાઈ વ્યાસ, રાજુભાઇ જુંજા, નટુભાઇ કાચા, મુકેશભાઇ વાઘેલાએ રજુઆત કરી છે.

### ૧૦ હજાર ચોરસ મીટર પર રેસ્ટોરન્ટ-ગાર્ડન ખડકી દેતા કાર્યવાહીઃ આગામી માસે રૂબરૂ હાજર થવા ફરમાન

# BAPS પ્રેમવતી રેસ્ટોરન્ટને તંત્રએ ફટકારી શરતભંગની નોટિસ

રાજકોટ તા.૧૦

શહેરના ગોંડલ ચોકડી નજીક વાવડી વિસ્તારમાં આવેલ ઇઅઙ્ઝ પ્રેમવતી રેસ્ટોરન્ટને શરતભંગ બદલ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા નોટીસ ફટકારવામાં આવી જે બાદ આગામી માસના પ્રથમ સપ્તાહમાં આ અંગેની સુનાવણી રાખવામાં આવી છે જેમાં રૂબરૂ હાજર થવા ફરમાન આપવામાં આવ્યું છે.

સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા આ પ્રેમવતી રેસ્ટોરન્ટના શરતભંગના મામલે કરાયેલ રીપોર્ટના આધારે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ પ્રકરણમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.અહીં એ ઉલ્લેખનીય છે કે શહેરના વાવડી વિસ્તારમાં સર્વે નં.૩૮/૧ પૈકીની ૧૦૦૦૦ ચો.મી. જમીન વર્ષો પૂર્વે કલેકટર તંત્ર દ્વારા બીએપીએસ સંસ્થાને ફાળવવામાં આવી હતી. પરંતુ જેનો મુળ હેતુ સિધ્ધ નહીં થતા અને આ ૧૦ હજાર ચો.મી. જમીન કે જે કલેકટર તંત્ર દ્વારા ફાળવવામાં આવેલ તેમાં શરતભંગ કરી રેસ્ટોરન્ટ અને ગાર્ડન ખડકી દેવાયું હતું.

આ મામલે સીટી પ્રાંત-૨ અધિકારી મહેક જૈન દ્વારા સ્થળ તપાસ બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીને તેનો રીપોર્ટ કરવામાં આવેલ હતો. જેના આધારે હવે કલેકટર પ્રભવ જોશી દ્વારા આ મામલે નોટીસ ફટકારી આગામી માસના પ્રથમ સપ્તાહમાં રૂબરૂ સુનાવણી માટે કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત રહેવા ફરમાન કરી દેવામાં આવેલ હોવાનું કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું.




# કલર કામ કરી રહેલા યુવાનનું ટેબલ પરથી પડી જતાં મોત

## પર્ણકુટીર સોસાયટી પાસે નવા બંગલામાં બન્યો બનાવઃ મજૂર પરિવારમાં અરેરાટી

રાજકોટ તા. ૧૦

જિંદગીની સફર ગમે ત્યારે પુરી થઇ જતી હોય છે. આવી જ એક ઘટનામાં કલર કામની મજૂરી કરવા ગયેલા યુવાનનું ટેબલ પરથી પડી જવાને કારણે મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પંચવટી રોડ પર્ણકુટીર સોસાયટીમાં નવા બની રહેલા બંગલામાં કલર કામ કરતી વખતે મુળ ઉત્તરપ્રદેશના યુવાન સાથે જીવલેણ દૂર્ઘટના સર્જાઇ હતી.



માહિતી અનુસાર લક્ષ્મીનગરમાં નાલા પાસે રેલ્વે ક્વાર્ટર નજીક ભાડેથી રહેતો મુળ યુપીનો એકત્રીસ વર્ષાનો યુવાન રાજુ દયારામભાઇ સહાની પંચવટી રોડ પર્ણકુટીર સોસાયટી પાસે રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ સામેના ભાગે નવા બંગલાની સાઇટ પર કલર કામ કરવા ગયો હતો. જ્યાં તે ટેબલ પર ચડી કલર કામ કરતો હતો તે વખતે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૃત્યુ પામનાર બે ભાઇમાં મોટો હતો અને સંતાનમાં એક પુત્ર છે. પોતે યુપીથી કલર કામ કરવા આવ્યો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે જાણ કરતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ. વી. ચાવડાએ આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

### વ્હોટ્સએપમાં મેસેજ મોકલી પછી ગ્રુપમાં એડ કર્યાઃ શરૂઆતમાં ટીપ્સ મુજબ રોકાણ કરતાં સાડા ત્રણ કરોડનો નફો દેખાડાયો હતો

# શેર બજારમાં કમાણી કરવા જતાં ગુમાવ્યા પોણા બે કરોડ

## કંપનીના અધિકારીએ આંધળુકીયા બની રોકાણ કરી દીધુ છેલ્લે છેતરાયાની ખબર પડી ત્યારે મોડુ થઇ ગયુ હતું

રાજકોટ તા. ૧૦

ગઠીયાઓ રોબજરોજ ઓનલાઇન ફ્રોડની ઘટનાઓને અંજામ આપી લોકોના લાખો કરોડો પડાવી રહ્યા છે. એક જ પ્રકારે ઠગાઇ થઇ રહી છે અને સરકાર, પોલીસ, સાયબર ક્રાઇમ પોલીસ લોકોને સતત આવા ફ્રોડ સામે જાગૃત થવા ચેતવણી આપે છે. મોબાઇલ ફોનના ડાયલર ટોનમાં પણ સતત આ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને ગઠીયાઓની જાળમાં આવી રહ્યા છે. શેર બજારમાં ટ્રેડીંગ કરી કમાણી કરવાના નામે એક કંપનીના અધિકારી સાથે પોણા બે કરોડની ઠગાઇ થઇ ગઇ છે. આ કારસ્તાનને અંજામ આપનારા ત્રણ ભેજાબાજો સામે એફઆઇઆર દાખલ કરી સાયબર ક્રાઇમ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ફ્રોડની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શેરબજારમાં ટ્રેડિંગના નામે સાયબર ભેજાબાજોએ મૂળ વડોદરાના પરંતુ હાલ સાઉદી અરેબિયામાં રહેતા અરામકો કંપનીના અધિકારી સાથે પોણા બે કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.વડોદરાના બીલ ગામના મૂળ વતની પરંતુ છેલ્લા દસ વર્ષથી સાઉદી અરેબિયામાં યાંબુ ખાતે રહેતા વિશાલ રમેશભાઇ ઉપાધ્યાયે સાયબર ક્રાઇમમાં આસિસ્ટન્ટ સૈયદ અબ્દુલ, એડમિન ડો. રાજેશ નંદવાણી અને બેલ એઆઇસી મેનેજર રયાન સ્મીથ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું અરામકો કંપનીમાં સિનિયર મેન્ટેનન્સ પ્લાનિંગ સ્પેશિયાલિસ્ટ તરીકે નોકરી કરૂ છું. તેમણે આગળ કહ્યું હતું કે હું યાંબુ ખાતે મારા ઘેર હતો ત્યારે એક્ઝિક્યૂશન ડિપાર્ટમેન્ટ (રિવ્યૂ) નામના વોટ્સએપ ગૃપમાં મને એડ કર્યો હતો જેમાં શેર માર્કેટ, પ્રી આઇપીઓ અંગેની ટિપ્સ આપતા હતાં.

આ ટિપ્સના આધારે ગૃપના મેમ્બરોને થયેલા નફાના સ્ક્રિનશોટ્સ મૂકવામાં આવતા હતાં. શેરમાર્કેટમાં મને રસ પડયો હતો જેથી ગૃપના



એડમિન ડો.રાજેશ નંદવાણીના આસિસ્ટન્ટ સૈયદ અબ્દુલે પર્સનલ વોટ્સએપ મેસેજ મોકલ્યા હતાં. બાદમાં ડો.રાજેશે ગૃપમાં એક લિંક મૂકી હતી અને તેમાં ટ્રેડિંગ થશે તેમ કહ્યું હતું. ડો.રાજેશે પર્સનલ મેસેજમાં કેટલીક ટિપ્સ પણ આપી હતી. બાદમાં એકાઉન્ટ મેનેજર રયાન સ્મીથનો ફોન આવ્યો હતો અને શેર માર્કેટમાં એકાઉન્ટ ખોલવામાં હું મદદ કરીશ તેમ જણાવી મને એકાઉન્ટની વિગતો આપી હતી. શરૂઆતમાં જમા કરાયેલા પૈસાનો નફો મળતાં મેં તેમના આલગ અલગ એકાઉન્ટમાં આરટીજીએસ અથવા આઇએમપીએસ દ્વારા કુલ રૂપિયા એક કરોડ પંચોતેર લાખ જમા કર્યા હતાં. મેં ભરેલી રકમ નફા સાથે ઓનલાઇન રૂપિયા ૩.૫૦ કરોડ બતાવતી હતી. થોડા સમય બાદ તેમણે મને સતકારતર નામના આઇપીઓમાં ઇન્વેસ્ટ કરવાનું કહી બમણો લાભ થશે તેમ કહેતા બે કરોડ આઇપીઓમાં સબસ્ક્રાઇબ કર્યા હતાં.

આ રકમ ઓછી છે તેમ કહી મને વધુ રકમ સબસ્ક્રાઇબનું કહેતા મેં મારા નફાની રકમ રૂપિયા ૩.૪૦ કરોડ છે તમે ભરી દો તેમ કહેતા સામેથી ના પાડી હતી અને બાદમાં આઇપીઓ માટે વધારે રૂપિયા ૧.૨૦ કરોડની માંગણી કરી હતી. વધારાની રકમ આપવાની મેં ના પાડતા મારું એકાઉન્ટ બ્લોક કરી દીધું હતું. ત્યારપછી મને મારી સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી. તેમ ભોગ બનનારે જણાવતાં સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ આરંભી છે.

રોજેરોજ દેશભરમાં કોઇને કોઇ વ્યકિત આ રીતે શેરબજારમાં કમાણી કરવાની લાલચમાં આવી લાખો કરોડો ગુમાવી દે છે. લોકો આ બધુ જાણે છે સરકાર ચેતવે છે છતાં લોકો જાગૃત થતાં નથી. આંધળુકીયા કરનારા મોટી રકમ ગુમાવી રહ્યા છે. લાલચ લઇ ડુબે છે એ પણ લોકો જાણે છે. આમ છતાં લલચાઇ જાય છે અને પછી પછતાવો કરે છે. આ કિસ્સામાં પણ રોકાણ સામે કરોડોનો નફો ઓનલાઇન એકાઉન્ટમાં બતાવાયો હતો. પરંતુ રાજી થઇને રોકાણ કરનારા અધિકારીએ આ રકમ ઉપાડવા પ્રયાસ કર્યો ત્યારે પોતાની સાથે મોટુ ફ્રોડ થયાની ખબર પડી હતી. પણ તે વખતે ખુબ મોડુ થઇ ગયું હતું.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# લડવું જરૂરી

## પાઠ્ય પુસ્તક જેવા મુદ્દે પણ સૌરાષ્ટ્રને અન્યાય



સ્કુલ ચલે હમ... સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર વિવિધ પ્રોત્સાહક યોજનાઓ ચલાવે છે. આ માટે ગંજાવર ખર્ચ કરવામાં આવે છે. સરકારોના શુભ ઉદ્દેદ તંત્રની કુવૃત્તિના કારણે વેરવીખેર થઇ જાય છે.

ઉનાળુ વેકેશન બાદ ફરીથી સ્કુલો શરૂ થઇ ગઇ છે. શાળાના પ્રથમ દિને છાત્રો-છાત્રાઓને કંકુ-ચોખાથી આવકારવામાં આવે છે. આ બધું થયું પણ સૌરાષ્ટ્રમાં ૬૦ થી ૭૦ ટકા છાત્રોને પાઠ્ય પુસ્તકો પ્રાપ્ત થયા નથી. આ નવી બાબત નથી. પ્રતિ વર્ષ સૌરાષ્ટ્રને પુસ્તકો મોડા મોકલવામાં આવે છે. શૈક્ષણિક ક્ષેત્ર સહિત અનેક ક્ષેત્રોમાં સૌરાષ્ટ્ર સતત અન્યાય સહન કરે છે.

પુસ્તક વિક્રેતાઓ કહે છે કે, પ્રતિ વર્ષ અમદાવાદ-વડોદરા વગેરે સેન્ટર્સમાં સમયસર-પૂરતા જથ્થામાં પુસ્તકો મળી જાય છે. રાજકોટ-સૌરાષ્ટ્રને જાણી-જોઇને અન્યાય કરાતો હોવાની આશંકા છે. આ પાછળ તંત્રની કુવુત્તિ પણ હોઇ શકે છે.


પાઠ્ય પુસ્તક મંડળ સૌરાષ્ટ્રને દાનરૂપે પુસ્તકો નથી આપતા. પૂરેપૂરી કિંમત વસૂલે છે. પ્રોફેશનલ નેટવર્ક હોવા છતાં સમયસર પ્રોડક્ટ પહોંચે નહિ એ વ્યવસાયી દ્રષ્ટિએ પણ ખરાબ ગણાય. પાઠ્ય પુસ્તકો શિક્ષણ વિભાગનો નફા ઉદ્દેશ ન જ હોય એ સ્વાભાવિક છે. સરકાર સેવાભાવથી પ્રવૃત્તિ ચલાવે છે. પણ, નિર્ણાયક તંત્રની વૃત્તિ અને મેનેજમેન્ટ બરોબર ન હોવાનું લાગી રહ્યું છે.

સવાલ એ થાય છે કે, માત્ર શિક્ષણ ક્ષેત્રે જ નહિ અન્ય ક્ષેત્રે પણ તંત્ર દ્વારા સૌરાષ્ટ્ર પ્રત્યે કિન્નાખોરી રાખવામાં આવે છે. આવું મુંગા મોઢે શા માટે સહન કરતા રહવાનું? જે ક્ષેત્રમાં અન્યાય થાય એ ક્ષેત્ર થોડો વિરોધ કરે છે. ખરેખર આવું ન હોવું જોઇએ. સંગઠન તથા એક અને તીવ્ર અવાજના અભાવે સૌરાષ્ટ્ર પ્રત્યે ઉપરવાળા ગંભીર બનતા નથી. એકલ-દોકલ વિરોધનું કંઇ ન ઉપજે.

સૌરાષ્ટ્રમાં મોટી અછત સામુહિક અને પ્રચંડ વિરોધના અભાવની છે. પ્રશ્ન-અન્યાય ગમે તે ક્ષેત્રે હોય. સમગ્ર સૌરાષ્ટ્રે અવાજ ઉઠાવવો જરૂરી છે. કારણ વગરે સહન કર્યે રાખવાનો કોઇ મતલબ જ નથી.

પાઠ્ય પુસ્તકો અંગે થોડા પુસ્તક વિક્રેતાઓ સામાન્ય વિરોધ કરે છે. વાસ્તવમાં આ મુદ્દો લાખો વિદ્યાર્થીઓ-વાલીઓને પરેશાન કરનારો છે. પાઠ્ય પુસ્તકો ખરીદવા-મેળવવા ધક્કા ખાધે રાખવા એ સામાન્ય બાબત નથી. કોઇ સૌરાષ્ટ્રને દાન આપતું નથી. અધિકાર માટે લડવું જ પડે.

સૌરાષ્ટ્રની રાજનીતિએ આ પ્રકારનું વલણ કેળવવાનું હોય. પણ, રાજકીય હસ્તીઓ સૌરાષ્ટ્રને અન્યાય અંગે સક્રિય ન બને તો લોકોએ અને સંસ્થાઓએ સંગઠિત બનીને મેદાનમાં આવવું જોઇએ. આજીજીથી સમસ્યા નહિ ઉકેલે...






# ભારતની બ્રહ્મોસ મિસાઈલની ન્યુ જનરેશન કેવી હશે DRDOએ આપી જાણકારી

## આગામી બે-ત્રણ વર્ષમાં વિસ્તૃત રેન્જ બ્રહ્મોસમાં સામેલ કરવામાં આવશે

રાજકોટ તા. ૧૦

ભારતનું ઓપરેશન સિંદૂર સમગ્ર વિશ્વમાં હાલ ચર્ચામાં છે. તેમાં પણ ઓપરેશન સિંદૂર બ્રહ્મોસ મિસાઈલની તાકતે દુનિયાને અચંબિત કરી દીધી છે. ત્યારે મીડિયા સાથે વાતચીત દરમિયાન ડીઆરડીઓના ચેરમેન ડો. સમીર કામતે બ્રહ્મોસ મિસાઈલની શક્તિ અને તેની ભવિષ્યની યોજના અંગેની માહિતી આપી છે.

ન્યુ જનરેશનની બ્રહ્મોસ હલકી અને નાની હશે. ડીઆરડીઓના ચેરમેને કહ્યું કે, અમે બ્રહ્મોસમાં વિસ્તૃત રેન્જ પર કામ કરી રહ્યા છીએ. આગામી બે-ત્રણ વર્ષમાં વિસ્તૃત રેન્જ બ્રહ્મોસમાં સામેલ કરવામાં આવશે. તેમજ એક વસ્તુ વિશે અમે વિચારી રહ્યા છીએ તે છે બ્રહ્મોસ એનજી. જે કોઈપણ વિમાનમાં સ્થાપિત કરવામાં આવશે. અત્યારે અમારી પાસે બ્રહ્મોસને હવામાં લોન્ચ કરવાની ક્ષમતા છે. પરંતુ તે ફક્ત સુખોઈથી જ લોન્ચ કરી શકાય છે . જ્યારે ન્યુ જનરેશનની બ્રહ્મોસ હાલના બ્રહ્મોસ કરતા હલકી અને નાની હશે.જે કોઈપણ વિમાનમાં સ્થાપિત કરી શકાશે.

બ્રહ્મોસની ટાર્ગેટ ભૂલની સંભાવના નહિવત. બ્રહ્મોસ મિસાઈલની કાર્યક્ષમતા અંગે ડો. કામતે જણાવ્યું કે, બ્રહ્મોસ ખૂબ જ સારી મિસાઈલ છે તે ખૂબ જ સચોટ અને તેની ટાર્ગેટ ભૂલની સંભાવના નહિવત છે. બ્રહ્મોસની પ્રહાર શક્તિ અને ચોકસાઈની પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે બ્રહ્મોસ મિસાઈલ લક્ષિત ટાર્ગેટ પર જ સચોટ પ્રહાર કરે છે. જો તેનો લક્ષિત ટાર્ગેટ ૧ ચોરસ મીટર છે તો તે એક ચોરસ મીટર પર જ પ્રહાર કરે છે.

# જેટલી કાર ચલાવશો એટલો ટોલ આપવો પડશે

## નવી ટોલ નીતિ વર્તમાન વ્યવસ્થાની તુલનામાં વધારે સુવિધાજનક

રાજકોટ તા. ૧૦

દેશભરમાં એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે પર મુસાફરી કરનારા મુસાફરોને જલદી રાહત મળશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દેશમાં નવી ટોલ પોલિસી લાગુ થશે. જે અંતર્ગત ટોલ બૂથ પર ફાસ્ટેગના વધુ કેમેરા લગાવવામાં આવશે. કેમેરા નંબર પ્લેટ ચેક કરશે, જ્યારે ફાસ્ટ ટેગ ટોલના પૈસા કાપશે. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે જેટલા કિલોમીટરની મુસાફરી હશે તેટલો જ ટોલ લાગશે. ટોલના પૈસા સીધા જ બેંક એકાઉન્ટમાંથી કપાશે. નવી ટોલ નીતિ વર્તમાન વ્યવસ્થાની તુલનામાં વધારે સુવિધાજનક હશે. તેનાથી લાંબી લાઈનોમાંથી પણ મુક્તિ મળશે.

સંસદમાં આપવામાં આવેલી જાણકારી અનુસાર સરકારે ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ઉત્તર પ્રદેશમાંથી પસાર થતાં રાષ્ટ્રીય રાજમાર્ગ પર સૌથી વધારે ૭૦૬૦ કરોડ રૂપિયાનો ટોલ એકત્ર કર્યો હતો. જે બાદ રાજસ્થાને ૫૯૬૭.૧૩ કરોડ રૂપિયા અને મહારાષ્ટ્રે ૫૧૧૫.૩૮ કરોડ રૂપિયાનો ટોલ એકત્ર કર્યો હતો. જાણકારી આપતી વખતે ગડકરીએ કહ્યું કે, સરકાર ટોલ પદ્ધતિ 'પાસ' પર કામ કરી રહી છે.




ટોલ પ્લાઝા ભારતના રોડ નેટવર્કના વિકાસ અને જાળવણી માટે એક મહત્વપૂર્ણ ભાગ ભજવે છે, અને ફાસ્ટેગ જેવી સિસ્ટમ્સ મુસાફરીને વધુ સરળ અને કાર્યક્ષમ બનાવી રહી છે. ભારતમાં, ટોલ પ્લાઝા પર શુલ્ક વસૂલવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, જેમાં ફાસ્ટેગ સિસ્ટમ સૌથી પ્રચલિત અને ફરજિયાત બની ગઈ છે. હાઈવે, એક્સપ્રેસવે, પુલ અથવા ટનલ જેવા મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ પર લેવામાં આવે છે.

# અમરનાથ યાત્રા હવે વધુ સુરક્ષિત : પહેલગામ રૂટ પર FRS ટેક્નોલોજીથી ચહેરાની ઓળખ કરાશે

## બ્લેકલિસ્ટેડ શખ્સ ફ્રેમમાં આવતા જ સુરક્ષા દળોને મળે છે તાત્કાલિક ચેતવણી : સર્વેલન્સ સેન્ટરમાં વાગે છે એક હૂટર

શ્રીનગર, તા.૧૦

જમ્મુ અને કાશ્મીર પોલીસે યાત્રાળુઓ પર કોઈપણ આતંકવાદી હુમલાને રોકવા માટે અમરનાથ યાત્રાના પહેલગામ રૂટ પર ચહેરાની ઓળખ સિસ્ટમ (FRS) સ્થાપિત કરી છે, તેવું સોમવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે પણ કોઈ બ્લેકલિસ્ટેડ વ્યક્તિ સર્વેલન્સ કેમેરાની ફ્રેમમાં આવે છે ત્યારે આ સિસ્ટમ સુરક્ષા દળોને વાસ્તવિક સમયમાં ચેતવણી આપે છે. અમરનાથ યાત્રા માટે સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સક્રિય આતંકવાદીઓ અને શંકાસ્પદ ઓવરગ્રાઉન્ડ વર્કર્સના ફોટા સિસ્ટમમાં ફીડ કરવામાં આવ્યા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, કોઈપણ બ્લેકલિસ્ટેડ વ્યક્તિ ફ્રેમમાં આવતાની સાથે જ સુરક્ષા દળો દ્વારા સંચાલિત સર્વેલન્સ સેન્ટરમાં એક હૂટર વાગે છે જેથી વાસ્તવિક સમયમાં ખતરાને દૂર કરી શકાય. FRS ડિજિટલ ફોટોગ્રાફ્સ અથવા વિડિઓઝમાંથી ચહેરાના લક્ષણોનું વિશ્લેષણ કરીને અને ડેટાબેઝમાં મેચ શોધીને વ્યક્તિની ઓળખ કરે છે. નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ



કહ્યું કે, સફળ અમરનાથ યાત્રા દેશના બાકીના ભાગોને સંદેશ આપશે કે કાશ્મીરમાં શાંતિ છે. તેમણે જમ્મુ અને કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના બાબા નગરીમાં કહ્યું કે મહત્તમ સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવવા જોઈએ જેથી સંદેશ જાય કે અહીં (કાશ્મીરમાં) શાંતિ છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક-વાવણી (બોધકથા)

### સદીઓથી સામાન્ય માનવી અમુક બાબતે કુદરત આગળ કાયમ લાચાર જ હોય છે



હમણાં જ ભીમ અગિયારસ ગઈ અને કેટલાંય ખેડૂતો એ વાવણી કરી હશે, અને વધુ ને વધુ પાક મળે એવી ઈચ્છા પણ રાખી હશે! ખેડૂત ચોમાસાની ઋતુ આવવાની સૌથી વધુ રાહ જોતા હોય છે, અને એને પછી ખેતરમાં સુંદર પાક લહેરાશે, અને નફો થતાં જીવન વળી પાછું લીલુંછમ થઈ જશે. તો આ કાળજાળ ગરમીથી રાહત મેળવવા માટે, અત્યંત ગરીબ લોકો પણ રાહ જોતા હોય કે, હવે આ ગરમીથી છુટકારો મળે!! પણ ક્યાંકને ક્યાંક સામાજિક પાપો એટલા બધા થતા રહે છે કે, કુદરતનું હવે કંઈ નિશ્ચિત રહ્યું નથી, અને કોઈને કોઈ રીતે તે ખૂબ વરસાવે છે. ઘણીવાર ખેડૂત માલમાલ થઈ જાય તો ઘણીવાર ખાવા ધાન પણ ન રહે.એટલે એમ કહી શકાય કે કુદરત આગળ અમુક બાબતે માનવી કાયમ લાચાર હોય છે. તો ખેડૂતની લાચીરી કેવી હોઈ શકે ,એનો એક કિસ્સો બુધવારની બોધકથામાં જોઈએ.

આ વખતે ખૂબ ગરમી પડી એટલે ભીમ અગિયારસ આસપાસ વરસાદ થશે, એવું ધારીને લગભગ બધા ખેડૂતોએ વાવણી કરી દીધી હતી. માવજી એ પણ પોતાના ખેતરમાં સીંગ અને ડાંગરની વાવણી કરી હતી, જો કુદરત મહેરબાન થાય, તો આવતા બે વર્ષ વાંધો નહીં આવે, એમ સૌ વિચારતા હતા. માવજી આમ તો સાવ સામાન્ય સ્થિતિનો હતો અને વાવણી માટે બીયારણ પણ ઉછીના રૂપિયાથી લાવ્યો હતો! અને એ પણ બમણા પૈસા પાછા દેવાની શરતે. આમ તો ઘરમાં ખાનારા એ અને એની પત્ની બે જ હતાં, દીકરીઓ સાસરવાસી હતી. પરંતુ વાર તહેવારે વહેવાર કરવાં રૂપિયા તો જોઈએ જ! ઈશ્વરે દીકરી રૂપે તો ચાર ચાર જોગમાયા આપી હતી, અને એને ખરેખર એનો ગર્વ પણ હતો. આટલી અછતમાં પણ ચારે ચાર પોતાની રીતે જ ભણ્યા હતાં, અને ખેતરમાં મજૂરી કરવા પણ આવતા. પરંતુ એક તો ઉંમર પણ હવે ૫૦ ઉપરની થઈ ગઈ, અને પાછો પત્નીને હૃદયની બીમારી પણ હતી, એટલે કોઈવાર અણધાર્યા દવાના ખર્ચા પણ થાય. માવજી વિચારતો હતો કે આ વખતે જો થોડાં ઘણાં રૂપિયા વધે એમ હોય તો પોતે પણ ટ્રેક્ટર ખરીદી લેશે કારણ કે આવકનું અડધું ધન તો મજૂરીમાં જતું રહેતું હતું.

આ વખતે કુદરતે ખરેખર મહેર કરીને ખેડૂતોના ખેતરમાં સારો પાક લહેરાવા લાગ્યો! બસ હવે બે ચાર વરસાદ સરખા થઈ જાય પછી ઉઘાડ નીકળે, તો ચાંદી ચાંદી હતી! અને એ પણ ઈશ્વર જાણે લાચારી છીનવી લેવા માંગતો હોય, એમ બધું સમુસુતરું પાર પડ્યું, અને અંતે ખળામાં પાક આવી ગયો. માવજી મનોમન વિચારતો હતો કે બધું મળીને ૧૨ ૧૫ લાખનું તો આરામથી જોડ થઈ જશે! વાલજીભાઈ પાસેથી લીધેલા રૂપિયા ડબલ કરીને આપો તો પણ માંડ માંડ ₹૪૦,૦૦૦ થાય હવે કોઈ જ ચિંતા નથી. મંડીમાં બોલી પણ સારી લાગી, અને માવજીએ ધાર્યું હતું એમ રૂપિયા ૧૫ લાખનો મેળ થઈ ગયો, ખુશ થતો થતો વાલજીને ૨૦,૦૦૦ના ૫૦,૦૦૦ આપી આવ્યો. ખુશ થતો થતો ઘરે આવ્યો અને પત્નીને નફાની વાત કરી! પત્ની સમજું એ સુજાવ આપ્યો કે સાવ આછી પાતળી આવકને કારણે દીકરીઓના લગ્ન સમયે કંઈ જ આપ્યું નથી, તો એમને માતા-પિતાનું સંભારણું જીવન પર બની રહે, એ માટે એક એક ઘરેણું કરાવી આપવું! માવજીભાઈએ કહ્યું કે પણ હું તો આ વખતે ટ્રેક્ટર લેવાનું વિચારતો હતો, કારણ કે મજૂરીમાં ખૂબ રૂપિયા ચાલ્યા જાય છે. સમજુ બેને કહ્યું કે ભલેને નાનું નાનું પણ એક ઘરેણું તો આપવું જ છે! આમ પણ તહેવારોના દિવસો આવશે તો પિયરનું ઘરેણું પહેરે તો સાસરિયામાં પણ માન વધે. સમજુંની વાત સાચી હતી, એટલે માવજીભાઈએ કહ્યું કંઈ વાંધો નહીં, થોડું થોડું એમને પણ આપીશું અને બચશે તો ટ્રેક્ટર લઈશ. આમ વાતને પૂરી કરીને કહ્યું હવે જમવાનું આપી દે, શહેરમાં આજે સારી બોલી ની રાહમાં કંઈ ખાધું જ નથી. સમજુ બેને પણ હોંશે હોંશે બનાવેલી લાપસી પીરસી અને આમ પતિ પત્ની બંને મન અને જીવન હવે ગળ્યા થઈ જશે એવી કલ્પના કરવા લાગ્યા.

સમજુ બેને એક દિવસ ફરી પતિને યાદ અપાવી અને કહ્યું કે દીકરીઓ તહેવાર પર આટો આવવાની છે, તો સોનીને બોલાવી ડિઝાઇન નક્કી કરી લઈએ. સમજું બેને કહ્યું કે મોટી મનીષાને ઘેર તો હવે બે ચાર વર્ષમાં પ્રસંગ પણ આવશે! કેટલી રાજી થશે! માવજીભાઈ ગામના સોનીનાં ઘરે જઈ આવ્યાં, અને અનુકૂળતાએ ઘરે આવવા કહ્યું. પણ ઘરમાં પ્રવેશ્યા ત્યાં સમજુ બેનને રડતાં જોયાં, અને બાજુમાં રહેતા ગંગા મા તેને શાંત કરતા હતાં. સમજુ એ કહ્યું કે બે વર્ષ પહેલાં લગ્ન કરીને વિદાય કરેલી, કોકીલાના પતિ રમેશનો એક્સિડન્ટ થયો છે, અને આપણે તાત્કાલિક શહેર જવાનું છે. થોડા ઘણા કપડાનો થેલો ભર્યો અને પત્નીએ યાદ દેવડાવતા, કહ્યું કે થોડા રૂપિયા પણ સાથે રાખજો જમાઈને સારવાર માટે જરૂર પડે તો આપવા પણ પડશે!

બંને જણાં શહેર પહોંચી ગયાં અને હોસ્પિટલમાં પહોંચ્યાં રમેશને બહુ સારી એવી ઈજા થઈ હતી. નાના મોટા ત્રણ ઓપરેશન કરવા પડે એમ હતાં! અને એનો ખર્ચ અંદાજે ચારથી પાંચ લાખ રૂપિયાનો હતો. કોકિલા રડતી રડતી માતા પિતા પાસે આવી અને બોલી કે સાસુ સસરાની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા હોવાથી, એનાં સાસરિયાંઓ રૂપિયા આપવાની ના પાડે છે. પિતાજી હવે શું થશે રમેશનું ઓપરેશન કેમ કરાવીશું? માવજી પોતાની લાચાર દીકરીના આંસુ જોઈ ન શક્યો, અને સમજુ બેને પણ ઈચ્છા હતી, એટલે એને દીકરીને હિંમત આપતા કહ્યું રૂપિયા તો આજે છે, અને કાલે ન પણ હોય! તો એની જરાય ચિંતા કરતી નહીં, ઓપરેશનના પૂરેપૂરા રૂપિયા હું ચૂકવી દઈશ. આમ માવજીના નફા માંથી ૫,૦૦,૦૦૦ તો ત્યાં જ વપરાય ગયાં, એને સમજુ બેન સામે જોયું સમજુએ કહ્યું કે જમાઈ છે, એટલું તો કરવું જ પડે.

માવજી એક દિવસ ખેતરેથી ઘરે આવ્યો હતો, સમજું પથારીમાં પડી હતી. માવજીને જોઈ સમજુ એ કહ્યું કે આજે બપોરથી છાતીમાં બહુ જ દર્દ ઉપડ્યું છે. મને લાગે છે એકવાર ડોક્ટરને બતાવવું પડશે, ક્યાંક હૃદયનો હુમલો પણ હોય. વળી પતિ પત્ની બંને શહેરમાં આવી પહોંચ્યાં, અને સમજુની ટ્રીટમેન્ટ કરતા ડોક્ટર દિવ્યાંગ દેસાઈએ કહ્યું કે, ધબકારા અનિયમિત થઈ ગયા છે, અને ધબકારા નિયંત્રિત કરવાં માટે પેસમેકર મુકવા માટે ઓપરેશન કરવું પડશે! અને વળી પાછો રુપિયા રુપિયા ૪ કે ૫ લાખનો ઓપરેશનનો ખર્ચ! અને ઉપરથી હોસ્પિટલનો ખર્ચ પણ ... પછી તો રમીલાનાં દિકરાને વિદેશ મોકલવામાં થોડાં ખૂટે એમ હતાં એ આપ્યાં. તો સરિતાને ઘર લેવા માટે થોડાં આપ્યાં! આમ બધાં જ રુપિયા પૂરાં થયાં અને માવજી એ વિચાર્યું ટ્રેક્ટર હવે આવતે વર્ષે!!

મિત્રો તો આવી હોય છે લાચારી કે જે ગમે તે સાથે જોડાયેલી હોય છે, ગમે તે સમયે અને સ્થળે ઘટી શકે છે, અને ગમે તે સંજોગોમાં નિભાવવી જ પડે છે, અને તે છતાં પાછું મોઢું તો હસતું જ રાખવું પડે છે.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### ગામને છેતરી લેવાનો ઇરાદો ધરાવનારા કોઇપણ હદ સુધી જઇ શકે છેઃ વધુ એક ઠગાઇ

# ચારધામ યાત્રાના નામે અઠ્ઠાવીસ યાત્રાળુ સાથે સાત લાખનું ફ્રોડ

## ગઠીયા એજેન્ટે પેકેજ બૂકીંગના નામે નાણા લઇ બધાને હરિદ્વાર બોલાવ્યાઃ યાત્રાળુઓ ત્યાં પહોંચ્યા ત્યારે એજન્ટ ફરક્યો જ નહિઃ ફોન પણ હતો બંધઃ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૧૦

ગઠીયાઓ, લેભાગુઓ ગામને છેતરવા માટે કોઈપણ હદ સુધી જઇ શકે છે. અલગ અલગ રીતે ઠગાઇ કરનારા લેભાગુઓ યાત્રા ટૂર બૂકીંગના નામે પણ ફ્રોડ કરી લેતાં અચકાતા નથી. શ્રધ્ધાળુઓ ધાર્મિક સ્થળોની યાત્રા વખતે હેરાન ન થવું પડે એ માટે અગાઉથી જ પેકેજ બૂકીંગ કરી લેવાનો આગ્રહ રાખતા હોય છે. જો કે આવા યાત્રાળુ જો તકેદારી ન રાખે તો ઠગભગતોનો ભેટો થઇ જાય છે અને બૂકીંગના નામે ફ્રોડ થઇ જાય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં ચારધામની યાત્રાના નામે અઠ્ઠાવીસ લોકો સાથે સાત લાખ રૂપિયાની ઠગાઇ થઇ છે. ગઠીયાએ આંબા આંબલી બતાવી પેકેજ બૂકીંગના નામે નાણા ઉઘરાવી લઇ બાદમાં આ લોકોને હરિદ્વાર આવી જવા કહ્યું હતું. પણ હોંશે હોંશે ચારધામની યાત્રાના સપના સાથે હરિદ્વાર પહોંચેલા યાત્રાળુઓને ત્યાં ગયા પછી છેતરાઇ ગયાની ખબર પડી હતી. કેમ કે બૂકીંગ કરનારો પોતાનો ફોન બંધ કરી ગાયબ થઇ ગયો હતો!

ફ્રોડની આ ઘટના પર નજર કરીએ તો આ કિસ્સામાં પાટનગર ગાંધીનગર નજીકના રાંદેસણા ગામે રહેતાં લોકો છેતરાઇ ગયા છે. રાંદેસરના વડિલોને યાત્રાના બહાને હરિદ્વાર બોલાવીને એજન્ટે ફોન બંધ કરી દીધો હતો. આ મામલે ઇન્ફોસિટી પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર શહેર નજીક આવેલા રાંદેસણામાં રહેતા વડીલોને ચારધામ યાત્રા કરાવવાના બહાને દેહરાદુનના એજન્ટ દ્વારા ૭ લાખ રૃપિયાની રકમ મેળવી લઈને યાત્રા નહીં કરાવી છેતરપિંડી કરવામાં આવી હોવાની ઘટના બહાર આવી છે. જેના આધારે ઇન્ફોસિટી પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને આરોપીને પકડવા તપાસ આગળ ધપાવવામાં આવી છે. હાલમાં છેતરપિંડીની ઘટનાઓ વધી રહી છે ત્યારે આ વખતે ધામક યાત્રાના બહાને વડીલો સાથે છેતરપિંડીની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે રાંદેસણમાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા ભૂપતસિંહ હેમતુજી ગોહિલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે તેમને ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે આવતા-જતા પરીક્ષીત જયકાંત જોષીનો પરિચય થયો હતો.

જેણે પોતાને જોષી ટુર એન્ડ ટ્રાવેલ્સના એજન્ટ તરીકે ઓળખ આપી હતી અને ચારધામ યાત્રા માટે ઓછા ભાવે ટ્રાવેલ્સની વ્યવસ્થા કરી આપવાની વાત કરી હતી. ભુપતસિંહ અને તેમના ગામના અન્ય લોકો જોષીના વિશ્વાસમાં આવી ગયા હતા અને દોઢ વર્ષ પહેલા ટુર માટે ૩,૨૦,૦૦૦ રોકડા આપ્યા હતા. જોકે તેમના ભાભીના અવસાનને કારણે તેઓ નિર્ધારિત તારીખે યાત્રાએ જઈ શક્યા ન હતા. ત્યારબાદ જોષીએ તેમને બીજી કોઈ તારીખે યાત્રા લઈ જવાની વાત કરી અને આ રકમ પોતાની પાસે જમા રાખી




**બીજી એક ઘટનામાં ત્રણ ભેંસની ચોરીનો ભેદ પોલીસે ઉકલી આરોપીને દબોચ્યાઃ જો કે ભેંસોની કતલખાને થઇ ગઇ હતી કતલ**

હતી.ફરીથી ચાર ધામ યાત્રા નક્કી થતાં, જોષીએ હેલિકોપ્ટર, ગાડી અને હોટલ બુકિંગ માટે ૮૦,૦૭૦૦ માંગ્યા હતા. અન્ય ૧૫ વ્યક્તિઓએ જય બળદેવભાઈ પટેલ મારફતે ઓનલાઈન આ રકમ મોકલી હતી. વધુમાં, અન્ય ૧૨ પેસેન્જર માટે ૨૫,૦૦૦ લેખે કુલ ૩,૦૦,૦૦૦ જોષીના ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

આ રીતે બૂકીંગ કરાવ્યા બાદ કુલ ૨૮ વ્યક્તિઓ હરિદ્વાર જવા નીકળ્યા હતા, જ્યાં જોષીએ તેમને મળવાનું જણાવ્યું હતું પરંતુ, હરિદ્વાર પહોંચ્યા બાદ જોષીના ફોન બંધ આવવા લાગ્યા. તેના રહેઠાણના સરનામે તપાસ કરતા પણ તે મળી આવ્યો ન હતો. આમ, જોષીએ કુલ ૭ લાખની વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું હતું.


બીજા એક કિસ્સામાં ત્રણ ભેંસોની ચોરીની ઘટનાનો ભેદ પોલીસે ઉકેલી આરોપીઓને દબોચી લીધા હતાં. જો કે આ ત્રણેય તો પકડાઇ ગયા હતાં પણ તેણે ભેંસ ચોરીને કતલખાને લઇ જઇ કાપી નાંખી હતી. સુરતના સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલા ગીતા પાર્ક-૨ વિસ્તારમાં રહેતા પશુપાલક અમિત શ્રીનિવાસ યાદવની ત્રણ ભેંસો તબેલાની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં ચરવા માટે ગઈ હતી. થોડા સમય બાદ પશુપાલકે જોયું કે ત્રણેય ભેંસો અચાનક ગુમ થઈ ગઈ છે. શોધખોળ કર્યા છતાં કોઈ ભેંસો મળી નહીં, જેના પગલે તેમણે તાત્કાલિક સચિન જીઆઇડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્રણ ભેંસોની કુલ કિંમત આશરે ૧.૨૦ લાખ જેટલી હતી, ચોરીના બનાવ બાદ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી પરંતુ ત્યાં સુધી કતલખાને ભેંસો કપાઈ ગઈ હતી.

પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તરત જ તપાસ શરૂ કરી હતી. સઘન તપાસ દરમિયાન નજીકના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ મેળવવામાં આવ્યા. ટોલ નાકાની સીસીટીવી ફૂટેજમાં એક સફેદ રંગની બોલેરો પીકઅપ વાન પસાર થતી જોઈ. આ?ર્યની વાત એ હતી કે, વાનના પાછળના ભાગે ત્રણ ભેંસો જીવંત હાલતમાં ભરેલી સ્પષ્ટ દેખાતી હતી. ફૂટેજમાં વાનની આગળ પાછળના દશ્યો તેમજ ડ્રાઈવર સહિતના શખ્સોની હિલચાલ પણ સચોટ રીતે કેદ થઇ હતી. ટોલ નાકાના સીસીટીવી ફૂટેજમાં સમય, દિશા અને વાનના નંબરના આધારે પીએમટી વિભાગ સાથે સંપર્ક કરી વાનના માલિક અને વપરાશકર્તાનું નામ શોધવામાં આવ્યું. જેના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં ત્રણ શખ્સો રફીક ઉર્ફે સુપડુ રશીદ કુરેશી, ઇમરાન ઇસ્માઇલ કુરેશી અને મોહમ્મદ હુજેફા જુબેર શેખને પકડી પાડ્યા હતા. ત્રણેય આરોપીઓએ ભેંસોને ચોરી કર્યા બાદ કતલખાને લઈ જઈ કાપી નાખ્યાની કબૂલાત આપી હતી.

સમગ્ર ઘટનાને ખૂબ આયોજનપૂર્વક અને પૂર્વનિયોજિત રીતે અંજામ આપ્યો હતો.પોલીસે આરોપીઓ પાસેથી ૩,૦૦,૦૦૦ની કિંમતની વાન જપ્ત કરી છે. વધુ તપાસ દરમિયાન બહાર આવ્યું કે, મુખ્ય આરોપી રફીક કુરેશી પાસે અગાઉના ગુનાઓનો લાંબો ઈતિહાસ છે. લિબાયત, માંગરોળ, કામરેજ અને કીમ પોલીસ મથકોમાં તેના વિરુદ્ધ પશુ ચોરી અને કતલના વિવિધ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

### ચૂંટણી ઓબ્ઝર્વર દ્વારા કલેકટર-પ્રાંત અધિકારીઓ સાથે બેઠક

# જિલ્લાની ગ્રામ પંચાયત ચૂંટણીમાં કાલ સુધીમાં ચિત્ર થશે સ્પષ્ટ




રાજકોટ તા.૧૦

આગામી તા.૨૨મીના યોજાનાર રાજકોટ જીલ્લાની ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીમાં ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવી રહી છે. આવતીકાલે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કાલ બપોર સુધીમાં પંચાયતોનું ચૂંટણી ચીત્ર સ્પષ્ટ બની જશે.

દરમ્યાન જીલ્લાની ગ્રામ પંચાયતોની આ ચૂંટણીને લઈ ચૂંટણી ઓબ્ઝર્વર પ્રજાપતિ પણ આજે રાજકોટ આવી પહોંચ્યા છે. ચૂંટણી ઓબ્ઝર્વર પ્રજાપતિ દ્વારા આજે બપોરના જીલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ અને ડેપ્યુટી કલેકટરો સાથે બેઠક કલેકટર કચેરી ખાતે આયોજીત કરવામાં આવી છે. જેમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લામાં ૬૪ ગ્રામ પંચાયતોની સામાન્ય અને ૨૪૩ ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં રાજકોટ તાલુકાના પાંચ ગામોની સામાન્ય ચૂંટણી સરપંચ પદ માટે ૨૩, અને સભ્યપદ માટે ૬૨ ઉમેદવારી ફોર્મ ભરાયા છે જયારે કોટડાસાંગાણી તાલુકાની બે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સરપંચ પદ માટે ૧૩ અને સભ્ય પદ માટે ૨૧ આવી જ રીતે લોધીકાની એક પંચાયતમાં સરપંચ પદ માટે ૬ અને સભ્ય માટે ૧૧ પડધરી તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં સરપંચ માટે ૧૧ અને સભ્ય માટે ૩૭, ગોંડલની છ પંચાયતોમાં સરપંચની ૨૪ અને સભ્ય માટે ૧૩૦, જેતપુર તાલુકાની ત્રણ પંચાયતમાં સરપંચ ૧૧ અને સભ્યો માટે ૭૭, ધોરાજીની બે ગ્રામ પંચાયતોમાં સરપંચ ૧૨ અને સભ્ય માટે ૭૫ જામકંડોરણાની સાત પંચાયતોમાં સરપંચ ૧૫ અને સભ્યો માટે ૬૭, જસદણની ૧૫ પંચાયતોમાં સરપંચ માટે ૫૪ અને સભ્ય માટે ૨૫૯, વિંછીયાની ૧૬ પંચાયતોમાં સરપંચ માટે ૬૬ અને સભ્ય માટે ૨૪૮ ફોર્મ ભરાયા છે. આમ કુલ જીલ્લાની ૬૪ પંચાયતોમાં સરપંચ માટે ૨૫૯ અને સભ્યો માટે ૧૦૩૭ મુરતીયાઓએ ફોર્મ ભરી દાવેદારી નોંધાવી છે. કાલે સાંજ સુધીમાં પંચાયતોનું ચૂંટણી ચીત્ર સ્પષ્ટ બની જશે.

# લોકોના આરોગ્ય અને સલામતીની ટ્રાફિક પોલીસને ચિંતા : ૩૫૧ ઘોંઘાટીયા છકડા ડિટેઇન

### પ્રદુષણ, લાયસન્સ અને નંબર પ્લેટ વગર રીક્ષા દોડાવતા ચાલકો વિરૂધ્ધ ડ્રાઇવ

રાજકોટ.તા.૧૦

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસે લોકોના આરોગ્યને નુકસાન પહોંચાડતા ઘોંઘાટીયા છકડા વિરૂધ્ધ વિશેષ ડ્રાઇવ હાથ ધરી ૩૫૧ છકડો રીક્ષા ડિટેઇન કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.ટ્રાફિક પોલીસની ડ્રાઇવ દરમિયાન અલગ-અલગ વિસ્તારમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરી કુલ ૩૫૧ છકડો રીક્ષા ડીટેઈન કર્યા.પોલીસ કમિશનર બ્રઝેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ અને ઇન્ચાર્જ એસીપી ટ્રાફિક વી. જી. પટેલ દ્વારા શહેરી વિસ્તારમાં માણસોની જિંદગી જોખમાય તે મુજબ ભયજનક રીતે છકડો ચલાવતા, ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા અને લોકોના આરોગ્યને નુકસાન પહોંચાડતા ઉપરાંત લાઇસન્સ અને નંબર પ્લેટ વગર ટ્રાફિકના નિયમોનું ભંગ કરનારા છકડો રીક્ષા ચાલકો વિરૂધ્ધ ચાલુ માસમાં વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું.





રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સમયાંતરે ટ્રેજિક નિયમનું યોગ્ય પાલન થાય અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવતું હોય છે, જે અંતર્ગત છેલ્લા ૮ દિવસથી શહેરમાં અલગ-અલગ વિસ્તારમાં ખાસ છકડો રીક્ષા અંગે સ્પેશિયલ ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં છેલ્લા ૮ દિવસમાં ટ્રાફિક નિયમનું પાલન ન કરી કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ ૩૫૧ છકડો રીક્ષા ડિટેઇન કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આ ડ્રાઇવ આગળ પણ ચાલુ રાખવા ટ્રાફિક શખના ઉચ્ચ અધિકારી દ્વારા ખાસ સૂચના આપવામાં આવી છે.

### અલગ અલગ સ્કીમની લાલચમાં લપેટી ગઠીયાગીરી આચરનારાઓનો તૂટો નથી

# મકાનની સ્કીમના નામે ઠગ મહિલાના ૩૫ લાખ ખાઇ ગયો

## બીજા એક કિસ્સામાં સવા બે લાખ સામે બાવીસ લાખ વ્યાજ વસુલ્યા પછી પણ ઉઘરાણી-ધમકીઃ વ્યાજખોર સામે પોલીસે કરી આકરી કાર્યવાહી

રાજકોટ, તા. ૧૦

ઠગાઇના અસંખ્ય કિસ્સાઓ દિવસે નથી વધતા એટલા રાતે વધે છે અને રાતે નથી વધતા એટલા દિવસે વધે છે. વધુ એક બનાવમાં એક મહાઠગે સ્કીમમાં મકાન આપવાના નામે મહિલા સાથે પાંત્રીસ લાખની ઠગાઇ કરી છે. બીજી તરફ વ્યાજખોરીના એક બનાવમાં બે લાખ ત્રીસ હજારની રકમ સાથે અધધધ બાવીસ લાખ પડાવી લેનારા વ્યાજખોર સામે પોલીસે કાર્યવાહી કરી તેને ઝડપી લીધો છે.

છેતરપીંડીની ઘટના જોઇએ તો માંજલપુર પોલીસ મથકમાં બિલ્ડર અપૂર્વ પટેલ સામે છેતરપિંડીની વધુ એક ફરિયાદ નોંધાઈ છે. માંજલપુરની નેપલ સિગ્નેચર સ્કિમમાં મહિલાને મકાન આપવાનો વિશ્વાસ અપાવી મહિલા પાસેથી બિલ્ડર અપૂર્વ પટેલ અને ભાગીદાર મનોજ પટેલ (સોલંકી) એ રૂા.૩૫ લાખ મેળવી મકાન ન આપતા મહિલા માંજલપુર પોલીસ મથકે પહોચી હતી. માંજલપુર-વડસર રોડ પર આવેલા આર્યા ફોરસ્ક્વેર ખાતે રહેતા ૬૪ વર્ષીય મનિષાબેન રાજની ફરિયાદ અનુસાર વર્ષ ૨૦૧૯માં તેમને નવું મકાન લેવાનું હોવાથી તેઓ અલગ અલગ સ્કીમ તપાસી રહ્યાં હતાં. તેવામાં માંજલપુરમાં નેપલ સિગ્નેચર શોપ એન્ડ ફ્લેટ સ્કિમમાં ફ્લેટ લેવા માટે મનિષાબેન સિધ્ધિવિનાયક ડેવલપર્સની લક્ષ્મીનારાયણ મંદિર પાસેની તેમની ઓફિસ ગયા હતાં.

જ્યાં તેમને ફ્લેટ નંબર ૧૦૩-૧૦૪નું ત્રણ રૂમ રસોડાનું મકાન બુક કરાવ્યું છે. જેમાં તેઓએ રૂ. ૭ લાખ મનોજ પટેલ (સોલંકી)ને રોકડા અને ચેકથી આપ્યાં હતાં. જોકે ત્યારબાદ દસ્તાવેજ માટે મનોજ પટેલ ફોન ઉપાડતો ન હતો. જ્યારે સાઈટ બંધ થઈ ગઈ હોવાનું મજુરોએ જણાવ્યું હતું. મજૂરોએ એ પણ જણાવ્યું હતું કે, તેમની જ સનસીટી બાજુ બીજું કામ ચાલુ છે. જેથી મહિલા સનસીટી ખાતે જતા મનોજ પટેલ મળ્યો હતો તે મહિલાને અપુર્વ પટેલની ઓફિસ ખાતે લઈ ગયો હતો. ત્યાં અપુર્વ પટેલે નેપલ સિગ્નેચર વાળી સાઈટ બંધ થઈ ગઈ હોવાથી તેના રૂપિયા નહી મળે પરંતુ નવી ચાલુ કરેલી સાઈટ પર મકાન મળી જશે અને ત્યાં મકાન બુક કરી બાનાખત કરવા માટે રૂા. ૫ લાખ મેળવી લીધા હતાં. જ્યારે નવી સાઈટનો ભાવ મહિલાએ પુછતા અપૂર્વ પટેલે રૂા.૩૮ લાખ જણાવ્યાં હતાં.




બાકીના રૂપિયા મહિલાએ તેમના ડભોઈ રોડ પરનું મકાન વેચાશે ત્યારબાદ આપવાનું જણાવ્યું હતું. મહિલાના મકાનના પણ અપૂર્વ પટેલ અને મનોજ પટેલે રૂા.૨૫ લાખ આપવાનું કહ્યું હતું. બાકીના રૂપિયા એડજસ્ટ કરાવ્યાં હતાં. ત્યારબાદ મહિલાને અપૂર્વ પટેલે નેપલ સિગ્નેચર ખાતે ૧૦૧ નંબરના ફ્લેટનું બાનાખત કરી આપ્યું હતું.

મહિલા પોતાના મકાનનું કામકાજ જોવા જતી હતી, પરંતુ થોડા સમય પછી ફરીથી જોવા જતા કામકાજ બંધ હતું. જેથી મહિલાએ મનોજ પટેલને ફોન કરતા તે ભરોસો આપ્યા કરતો હતો,પરંતુ ત્યારબાદ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દિધુ હતું.અપૂર્વ પટેલ અને મનોજ પટેલે મહિલા પાસેથી રૂા.૩૫ લાખ મેળવી લઈ મકાન ન આપી છેતરપિંડી કરતા માંજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, અપૂર્વ પટેલ છેલ્લા કેટલાંય સમયથી પોલીસની પકડમાં આવતો નથી. કેટલાંય લોકો સાથે શહેરની વિવિધ સ્કિમોમાં તેણે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વિવિધ પોલીસ સ્ટેશનોમાં નાગરિકો દ્વારા નોંધવામાં આવી છે.

વ્યાજંકવાદની ઘટના જોઇએ તો વરાછા વિસ્તારમાં રહેતા સિલાઈકામ કરતા ભાવેશ મકવાણાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે કોરોના કાળમાં આર્થિક સંકળામણના કારણે તેમણે અલગ અલગ સમયે ભમ્મર રાણા અને કમલેશ હડિયા પાસેથી ૨.૩૦ લાખ રૂપિયા ૨૦ ટકાના ચા વ્યાજે લીધા હતા. આ વ્યાજખોરે ભાવેશ મકવાણા પાસેથી મૂળ રકમ કરતાં અનેક ગણી વધુ, એટલે કે ૨૨ લાખ રૂપિયાથી પણ વધુ રકમ વસૂલી લીધી હતી. ભાવેશ પાસેથી આરોપીઓએ આટલું વ્યાજ વસૂલ્યા બાદ પણ આરોપી વ્યાજખોર સંતોષાયો ન હતો અને ભાવેશ મકવાણા પર પઠાણી ઉઘરાણી કરવાનું ચાલુ રાખ્યું હતું.

એટલું જ નહીં, પઠાણી ઉઘરાણી દરમિયાન ભાવેશ મકવાણાને માર પણ મારવામાં આવ્યો હતો. વ્યાજખોરોના અસહ્ય ત્રાસ અને પઠાણી ઉઘરાણીથી કંટાળીને ભાવેશ મકવાણાએ આખરે વરાછા પોલીસનો સંપર્ક કર્યો હતો. સમગ્ર ઘટના અંગે ભાવેશે ભમ્મર રાણા અને કમલેશ હડિયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે વરાછા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ ભમ્મર રાણાને ઝડપી પાડ્યો હતો. જોકે આરોપી કમલેશ ભાગતો ફરતો હતો. જેપી પોલીસે બાતમી આધારે આરોપી કમલેશ હડિયાને સૌરાષ્ટ્રના રાજુલા ખાતેથી ઝડપી પાડ્યો હતો. આ કેસમાં વરાછા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે અને અન્ય કોઈ ભોગ બનનાર છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરી રહી છે.

લોધીકાના પાળની ગાયત્રી હાઇસ્કૂલના નિવૃત શિક્ષકે પોતાની લેણી રકમ સાડાબાર લાખ ઉપાડવા કાર્યવાહી કરતાં એમડી કાકા અને ક્લાર્ક ભત્રીજાએ ત્રણ લાખ લાંચ માંગી હતી

# બે લાખ 'કટકટાવવા' જતાં ચાચો-ભતીજો ACB ના સકંજામાં

## નિવૃત શિક્ષકે રાજકોટ એસીબીને જાણ કરતાં નાયબ અધિક્ષક એન. કે. ગોહિલની ટીમના પોલીસ ઇન્સ્પેક્ટર આર. આર. સોલંકી અને ટીમે વાણીયાવાડીમાં છટકુ પાર પાડ્યું







રાજકોટ તા. ૧૦

દેશભરમાં સરકારી અર્ધસરકારી કચેરીઓ અને અન્ય સંસ્થાઓમાં લાંચખોરો રૂશ્વતખોરો બીરાજમાન થયેલા હોય છે. પોતાને હોદ્દા અને નોકરી મુજબ મસમોટો પગાર મળતો હોવા છતાં આવા લાલચુઓ ઉપરની મલાઇ માટે હવાતીયા મારતા હોય છે. પરંતુ તેની આવી લાલચ ઘણીવાર તેને લઇ ડુબે છે. નોકરીના સ્થળે માભો જમાવનારા આવા લાંચીયાઓ જ્યારે એસીબીના લાંચના છટકામાં આવી જાય ત્યારે આબરૂ ગાભો થઇ જતી હોય છે. આવી જ એક કાર્યવાહી રાજકોટ એસીબીની ટીમે લોધીકાના પાળ ગામની હાઇસ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી અને તેના ક્લાર્ક ભત્રીજા સામે કરી છે. આ બંનેએ નિવૃત શિક્ષકને તેની કાયદેસરની રકમ સાડાબાર લાખ મંજુર કરી આપવાના બદલામાં બે લાખની લાંચ માંગી હતી. એસીબીએ વાણીયાવાડીમાં આ કાકા-ભત્રીજાના ઘરે જ છટકુ ગોઠવી બંનેને લાંચ લેતાં રંગેહાથ પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો લાંચીયાઓને ઝડપી લેવા એન્ટી કરપ્શન બ્યુરો-એસીબીની ટીમો સતત કાર્યવાહી કરતી રહે છે. દરમિયાન રાજકોટ જીલ્લાના લોધીકા તાબેના પાળ ગામે આવેલી ગાયત્રી એજન્યુકેશન ટ્રસ્ટ સંચાલીત શ્રી ગાયત્રી હાઇસ્કૂલમાં ફરજ બજાવી નિવૃત થયેલા શિક્ષકને પોતાની એરીયર્સ, રજા પગાર સહિતની રકમ રૂા. બાર લાખ પચાસ હજાર શાળા ટ્રસ્ટ પાસેથી લેણી નીકળતી હોઇ તેમણે નિયમાનુસાર આ રકમ મેળવવા માટે કાર્યવાહી કરી હતી. પરંતુ મેનેજીંટ ટ્રસ્ટી અને ક્લાર્ક એવા કાકા-ભત્રીજાની ડાઢ ડળકી હતી અને આ નિવૃત શિક્ષકની કાયદેસરની રકમ તેને ન મળે તે માટે દાવપેચ ચાલુ કર્યા હતાં. છેલ્લે આ કાકો-ભત્રીજો છેલ્લી પાટીલએ બેસી ગયા હતાં અને નિવૃત શિક્ષક પાસે જો તેની રકમ પાસ કરવી હોય તો ૩ લાખ આપવા પડશે તેવી માંગણી કરી લીધી હતી.

રકઝક બાદ બંનેએ બે લાખમાં સેટીંગ કર્યુ હતું. જો કે નિવૃત શિક્ષક લાંચ આપવા ઇચ્છતા ન હોઇ રાજકોટ એસીબીને જાણ કરતાં એસીબીએ વાણીયાવાડીમાંથી કાકા-ભત્રીજાને ૨ લાખની લાંચ લેંતા રંગેહાથ દબોચી લીધા છે. જાણવા મળ્યા મુજબ પાળ ગામે આવેલી શ્રી ગાયત્રી હાઇસ્કૂલમાં ફરજ બજાવતાં શિક્ષક નિવૃત થયા હતાં. નિવૃતી બાદ તેમણે શાળા ટ્રસ્ટમાંથી પોતાની કાયદેસરની રકમ જેમાં મોંઘવારીના ૫૩ ટકા મુજબની એરીયર્સ બીલની રકમ, રજા રોકડ રૂપાંતરની રકમ મળી કુલ બાર લાખ પચાસ લેવાના થતાં હતાં. આથી નિવૃત શિક્ષકે નિયમ મુજબ આ રકમ મેળવવા કાર્યવાહી કરી હતી. પરંતુ તેની રકમ પાસ થઇ રહી નહોતી. આથી તેણે ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ચીમોતેર વર્ષના ગુણવંતરાય ચુનીલાલ ખીરા અને ગાયત્રી હાઇસ્કૂલના ક્લાર્ક પંચાવન વર્ષના ધર્મેન્દ્ર ભાનુશંકર ખીરાને મળીને વાત કરી પોતાની રકમ મંજુર કરી દેવા આજીજી કરી હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ મેનેજીંગ ટ્રસ્ટી અને ક્લાર્ક બંને કાકો-ભત્રીજો થાય છે. આ બંનેએ નિવૃત શિક્ષકની વાત સાંભળી હતી અને બાદમાં કહ્યું હતું કે તમારી કાયદેસરની રકમ એમને એમ મંજુર ન થઇ શકે, જો તમારે તમારી રકમ મેળવવી હોય તો અમને તેમાંથી ૩ લાખ આપવા પડશે. નિવૃત શિક્ષક આ સાંભળી ચોંકી ગયા હતાં. કાકા-ભત્રીજાએ રકઝકને અંતે છેલ્લે ૨ લાખ રૂપિયા માંગી લીધા હતાં અને કહ્યું હતુ કે આ રકમ અમારી ઘરે વાણીયાવાડી-૨/૧૬માં જલદીપ મકાન ખાતે આવીને આપી જજો, પછી તમારી રકમ અમે પાસ કરાવી દઇશું. નિવૃત શિક્ષક પોતાની જ રકમ મેળવવા માટે લાંચ આપવી પડશે એ જાણી આઘાતમાં ગરકાવ થઇ ગયા હતાં. તેઓ લાંચ આપવા ઇચ્છતા ન હોઇ રાજકોટ એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો.

એસીબી રાજકોટના મદદનીશ નિયામક એન. કે. ગોહિલની સુચના અનુસાર પોલીસ ઇન્સ્પેક્ટર આર. આર. સોલંકી અને તેમની ટીમે લાંચનું છટકુ ગોઠવ્યું હતું. નક્કી થયા મુજબ નિવૃત શિક્ષક કાકા-ભત્રીજાના ઘરે બે લાખની રોકડ લઇ વાણીયાવાડીમાં પહોંચી ગયા હતાં. અહિ કાકો-ભત્રીજો બંને હાજર હતાં. વાતચીત કર્યા બાદ લાંચની રકમ બે લાખ સ્વીકારી હતી એ સાથે જ અગાઉથી વોચમાં રહેલા એસીબીના અધિકારી અને સ્ટાફે આ બંનેને લાંચની રકમ સાથે રંગેહાથ દબોચી લઇ એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી કાર્યવાહી કરી હતી. મોરબી એસીબીની ટીમે પણ રાજકોટ પહોંચી આ બંનેના ઘરની જડતી લીધી હતી પણ કંઇ વાંધાજનક મળ્યું નહોતું. આ બનાવે સમગ્ર રાજકોટ જીલ્લામાં અને શિક્ષણ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. બંનેના રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી સુરેન્દ્રનગર એસીબીની ટીમ હાથ ધરશે.

---

હળવદના સરા ગામ પાસે નાડધરીના દંપતિએ એકનો એક પુત્ર ગુમાવતાં ગમગીનીઃ માવતરે આટો દેવા જતી વખતે બનાવ

# માતા સાથે પિતાના ટુવ્હીલરમાંથી પટકાતાં છ વર્ષના બાળકનું કરૂણ મોત

રાજકોટ તા. ૧૦

જીવલેણ અકસ્માતની એક ઘટનામાં માતા સાથેજ પિતાના મોટરસાઇકલમાંથી પડી જતાં છ વર્ષના પુત્રનું મોત થયું હતું. સુરેન્દ્રનગરના નાડધ્રી ગામે રહેતી પરિણીતા તેના છવર્ષના પુત્રને તેડી પતિના બાઇક ટુવ્હીલરમાં બેસીને હળવદ રહેતાં માવતરને ત્યાં આટો દેવા જતી હતી ત્યારે સરા ચોકડીએ રોદો આવતાં તેણી અને પુત્ર બાઇક પાછળથી પડી જતાં આ બનાવ બન્યો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના નાડધ્રી ગામે રહેતો અને શાકભાજી વેંચી ગુજરાન ચલાવતો ત્રીસ વર્ષનો વસંતભાઇ જાદવભાઇ ઓગાણીયા નામનો યુવાન અઠ્ઠાવીસ વર્ષીય પત્નિ કાજલબેન (ઉ.વ.૨૮) અને છ વર્ષના પુત્ર સચીનને બાઇકમાં બેસાડી હળવદ રહેતાં સસરા ડેમીભાઇ સુખાભાઇ હળવદીયાના ઘરે આટો મારવા જતો હતો. ત્રણેય સરા ચોકડીએ પહોંચ્યા ત્યારે અચાનક બાઇકમાં રોદો આવતાં કાજલબેન અને તેનો પુત્ર સચીન પાછળથી પડી ગયા હતાં.

જેમાં બાઇકનો પંખો તૂટેલો હોઇ તેનું પતરૂ બાળક સચીનને લાગી જતાંપગથી સાથળ સુધી ગંભીર ઇજા થઇ હતી. સચીનને હળવદ અને ત્યાંથી સુરેન્દ્રનગર હોસ્પિટલમાં તથા ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ વહેલી સવારે તેનું મોત થઇ ગયું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, તૌફિકભાઇ જુણાચ, શક્તિસિંહ ડોડીયાએ હળવદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સચીન બે બહેનથી નાનો અને માતા-પિતાનો એકનો એક પુત્ર હતો. બનાવથી પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. હળવદ પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

---

# પારડીમાં પ્રેમપ્રકરણમાં બાપ-બેટા પર હુમલો

## યુવાનને જેની સાથે પ્રેમ હતો તે પરિણીતાએ આપઘાત કરી લેતાં મનદુઃખ હતું: ધોકા-પાઇપથી બંનેને લોહીલુહાણ કરાયા



રાજકોટ તા. ૧૦

જીલ્લાના શાપર નજીકના પારડી ગામે બાપ-બેટા પર ગામના જ શખ્સોએ હીચકારો હુમલો કરી છરી, ધોકા, પાઇપના ઘા કરતાં બંનેને લોહીલુહાણ હાલતમાં રાજકોટ સારવાર માટે ખસેડાયા હતાં. વિગતો જોઇએ તો ગાયત્રી પાર્કમાં રહેતાં અને સેન્ટીંગ કામની મજૂરી કરતાં ઓગણત્રીસ વર્ષના હિતેષ ચંદ્રકાંતભાઇ રાઠોડ પર ઘર નજીક ગામના જ શખ્સોએ ધોકા, છરીથી હુમલો કરી ઇજાઓ પહોંચાડતાં દેકારો મચી ગયો હતો. અવાજ સાંભળી પિતા બાંસઠ વર્ષના ચંદ્રકાંતભાઇ દયાળજીભાઇ રાઠોડ છોડાવવા માટે દોડતાં તેના ઉપર પણ હુમલો કરાયો હતો. જેથી તે પણ લોહીલુહાણ થઇ ગયા હતાં.

બટાઝટીને પગલે હો-હા દેકારો થઇ જતાં બીજા લોકો, પરિવારજનો દોડી આવતાં હુમલો કરનારા ભાગી ગયા હતાં. હિતેષ અને તેના પિતાને લોહીલુહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ સહિતે શાપર પોલીસને જાણ કરી હતી. હિતેષના કહેવા મુજબ પોતાના છુટાછેડા થઇ ગયા છે. અગાઉ પોતે એક પરિણીતાને પ્રેમ કરતો હતો. બે મહિના પહેલા તેણીએ આપઘાત કરી લીધો હતો. આ પછી તેણીના માવતર પક્ષના લોકો સાથે પોતાને મનદુ:ખ ચાલતું હોઇ તેનો ખાર રાખી આ હુમલો કરાયો હતો. હસુ, હર્ષદ, અભી, મિલન સહિતે હુમલો કર્યો હોવાનું હિતેષે કહેતાં હોસ્પિટલ પોલીસ ચોકીના રજીસ્ટરમાં તે મુજબની એન્ટ્રી નોંધી શાપર પોલીસને જાણ કરાઇ હતી. ખરેખર શું બન્યું? કોણ કોણ હુમલામાં સામેલ હતું? કારણ શું હતું? તેની તપાસ શાપર પોલીસે હાથ ધરી છે.

---

# વિજકરંટ વેરી બન્યોઃ સાંઇઠ વર્ષના વૃધ્ધ ભાયાભાઇનો જીવ ગયો

## કુંકાવાવ લુણીધારના વૃધ્ધનું રાજકોટમાં મોત થયું



રાજકોટ તા. ૧૦

વિજકરંટ અનેક લોકો માટે જીવલેણ બની ચુક્યો છે. વધુ એક કરૂણ ઘટનામાં એક પરિવારે પોતાના મોભી ગુમાવી દીધા છે. અમરેલીના કુંકાવાવના લુણીધર ગામે રહેતાં ભાયાભાઇ લખુભાઇ બગડા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધને ઘરે વિજકરંટ લાગતાં ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર ભાયાભાઇને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પોતે એક બહેન અને પાંચ ભાઇમાં વચેટ હતાં.

પરિવારજનોએ વધુ વિગતો આપતાં જણાવ્યુ.હતું કે ભાયાભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. ઘરે કડીયાકામ ચાલુ હોઇ વિજબોર્ડમાં લાઇટના છેડા ભરાવવા જતાં કરંટ લાગ્યાનું સગાએ કહ્યું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે ઘટનાની જાણ વડીયા પોલીસને કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.

---

# માધાપરના વજીબેનને દિલ દગો દઇ જતાં શ્વાસ રૂંધાયો

રાજકોટ તા. ૧૦

દિલની દગાખોરીએ વધુ એક જીવ લઇ લીધો છે. શહેરના જામનગર રોડ પર માધાપરમાં ક્રાઇસ્ટ હોસ્પિટલ સામે રહેતાં ઓગણસાઇઠ વર્ષના વજીબેન બાબુભાઇ જાખેલીયાને રાતે અગિયારેક વાગ્યે એકાએક ઉલ્ટી થવા માંડતા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન તેમના શ્વાસ રૂંધાઇ ગયા હતાં. આ બનાવથીં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર વજીબેનને સંતાનમાં છ દિકરી અને ત્રણ દિકરા છે. પતિ હયાત નથી. હાર્ટએટેકને કારણે મૃત્યુ થયાના મૃતકના પરિવારજનોએ કહ્યું હતું.

---

રાધાકૃષ્ણ સોસાયટી, જયનગર, ભવાનીનગર અને માંડડુંગરમાં દરોડા : રૂા.૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત

# દારૂના ધંધાર્થીઓ પર ત્રાટકી PCB મહિલા સહિત ૪ની ધરપકડ



રાજકોટ. તા.૧૦

શહેરમાં દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ ઉપર પીસીબીની ટીમ ત્રાટકી અને મહિલા સહિત ચાર બુટલેગરોની ધરપકડ કરી ૫૧,૦૦૦ નો શરાબ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પીસીબી પીઆઇ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમ શહેરના અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે રાધાકૃષ્ણ સોસાયટી શેરી નંબર ૧૨/૧૩ ની વચ્ચેની શેરીમાં આવેલ ઓરડીમાંથી દેશી દારૂના જથ્થા સાથે ઝરીનાબેન અજીત હિંગોરાને પકડી પાડ્યા હતા.

જ્યારે કોઠારીયા મેઇન રોડ જયનગર મફતિયાપરામાંથી દિનેશ ચંદુ નારોલાને દારૂની કુલ ૨૭ બોટલ સાથે દબોચી લીધો હતો તેમજ રામનાથ મહાદેવ મંદિર પાસે ભવાની નગર શેરી નં.૬ માંથી રવિ રામજી બાંભણિયા (૨૨) ને દારૂની અલગ અલગ બ્રાન્ડની ૬૫ બોટલ સાથે દબોચી લીધો હતો. તેમજ માંડાડુંગર આરતી ઇન્ડસ્ટ્રીઝ એરીયા શેરી નંબર ૨ શિવધારા ઇન્ડસ્ટ્રીઝની સામેથી હિંમત પ્રેમજી સોલંકી (૩૯) ને દેશી દારૂના જથ્થા સાથે પકડી પાડયો હતો. પીસીબીની ટીમે કુલ રૂપિયા ૫૧,૦૦૦ નો શરાબ કબજે કરી તમામ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

---

શાપર નજીક ડાઇ કાસ્ટીંગની ફેક્ટરીમાં બનાવઃ ચાર દાઝ્યા-એકનો જીવ ગયો

# જીવલેણ ધડાકોઃ ફેક્ટરીમાં બોઇલર ફાટતાં સંચાલકનું મોત

## મોરબી રોડ શિવમ્ પાર્કમાં રહેતાં ૨૭ વર્ષના ભરતભાઇ કાકડીયાનું મોતઃ તેમના ભાઇ જયેશભાઇ, ભાગીદાર પિયુષભાઇ અને કારીગર પ્રધ્યુમન સારવાર હેઠળઃ બોઇલરમાં ઓઇલ લીક થતાં દૂર્ઘટના સર્જાયાની શક્યતા





રાજકોટ, તા. ૧૦

અવાર-નવાર જીવલેણ દૂર્ઘટનાઓ સર્જાતી હોય છે. આવા બનાવોમાં જે તે ભોગ બનનારના પરિવારનો હર્યોભર્યો માળો પીંખાઇ જતો હોય છે અને પરિવારના મોભી પણ છીનવાઇ જતાં હોય છે. રાજકોટ જીલ્લાના શાપર ગામથી આગળ લોધીકા તાબેના ગોલ્ડન ગેઇટ-૨માં આવેલી ડાઇ કાસ્ટીંગની ફેક્ટરીમાં આવી જ એક દૂર્ઘટનાબ ની છે. જેમાં રાતપાળી વખતે બોઇલર ફાટતાં આગ ભભૂકતાં આ ફેક્ટરીના સંચાલક એવા રાજકોટ રહેતાં સત્યાવીસ વર્ષના યુવાનનું કમકમાટી ભર્યુ મોત થયું છે. જ્યારે તેમના ભાઇ, ભાગીદાર અને એક કારીગર દાઝી જતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. આ બનાવને પગલે સમગ્ર લોધીકા, શાપર પંથકમાં અને રાજકોટ સ્થિત મૃતકના સ્વજનોમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

દૂર્ઘટનાની ઘટનાની વિગતો પર નજર કરીએ તો શાપરથી આળગ ગોલ્ડન ગેઇટ-૨માં આવેલી પ્રિસીઝન એલોયકાસ્ટ નામની ફેક્ટરીમાં રાતે રાતપાળીમાં કારીગરો ડાઇ કાસ્ટીંગનું કામ કરી રહ્યા હતાં. આ વખતે બોઇલરમાં ઓઇલ લીકેજને કારણે કે અન્ય કારણોસર આગ ભભૂકતાં અને બોઇલર ફાટતાં કર્મચારી મુળ યુપીના હાલ શાપર રહેતો ત્રેવીસ વર્ષનો પ્રધ્યુમન રામકુવાલ રજપૂત દાઝી ગયો હતો. આ ઉપરાંત ફેક્ટરીના સંચાલક-ભાગીદાર રાજકોટ મોરબી રોડ શિવમ્ પાર્કમાં રહેતાં સત્યાવીસ વર્ષના ભરતભાઇ ધીરૂભાઇ કાકડીયા, તેમજ તેના ભાઇ ચોવીસ વર્ષના જયેશભાઇ ધીરૂભાઇ કાકડીય અને ભાગીદાર પાંત્રીસ વર્ષના પિયુષભાઇ ગોરધનભાઇ પીપળીયા પણ દાઝી ગયા હતાં.

બનાવની જાણ થતાં આસપાસના ફેક્ટરી સંચાલકો, કારીગરો મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા હતાં. લોધીકા પોલીસની ટીમ અને ફાયર બ્રિગેડની ટીમ પણ પહોંચી હતી. દાઝી ગયેલા ચારેયને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જેમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ફેક્ટરી સંચાલક ભરતભાઇ કાકડીયાનું મૃત્યુ નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેમના ભાઇ જયેશભાઇ બંને હાથે દાઝી ગયા હોઇ તેમને પ્રાથમિક સારવાર અપાઇ હતી. જ્યારે ભાગીદાર પિયુષભાઇ પીપળીયાને દાખલ કરાયા હતાં. તેમજ કારીગર યુપીના પ્રધ્યુમન રજપૂતને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, તૌફિકભાઇ, શક્તિસિંહે લોધીકા પોલીસને કરતાં ગોપાલભાઇ સહિતે કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આ દૂર્ઘટનામાં મૃત્યુ પામનાર ભરતભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. તેઓ પિયુષભાઇ સાથે ભાગીદારમાં ફેક્ટરી ચલાવતાં હતાં. તેમના પિતા હયાત ન હોઇ પોતે પરિવારનો આધારસ્તંભ હતાં. દૂર્ઘટનામાં તેમનો ભોગ લેવાઇ જતાં કાકડીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ઘટના ખરેખર કઇ રીતે બની? તેની વધુ તપાસ લોધીકા પોલીસ એફએસએલને સાથે રાખીને કરશે. રાજકોટના કાકડીયા પરિવારે યુવાન અને આધારસ્તંભ દિકરો ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો છે. આ ઘટનામાં એક માસુમ પુત્રએ પોતાના પિતા ગુમાવી દીધા છે.

### કુમળી વયની બાળાઓને ફસાવવાના લેભાગુઓના કરતૂતોને કારણે પરિવારજનો-પોલીસને દોડધામ

# રાજકોટમાંથી વધુ બે સગીરાના અપહરણ

## સોળ વર્ષની બાળાને બાપુનગરમાંથી એમપીનો શખ્સ રિક્ષામાં બેસાડી લઇ ગયોઃ અગાઉ પણ અપહરણ કર્યુ હતુંઃ બીજા બનાવમાં સત્તર વર્ષની સગીરાને વેલનાથ સોસાયટી પાસેથી ઉપલેટા કાથરોટાનો શખ્સ ઉઠાવી ગયોઃ ભક્તિનગર-આજીડેમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૧૦

શહેરમાંથી સગીર વયની દિકરીઓ ગૂમ થવાના, અપહરણ થવાના બનાવો અવાર-નવાર નોંધાતા રહે છે. જો કે મોટા ભાગના આવા કિસ્સામાં જે તે સગીરાને તેનો બોયફ્રેન્ડ કે પ્રેમી ભગાડી ગયાનું ખુલતું હોય છે. વધુ આવા બે બનાવ સામે આવ્યા છે. જેમાં એક સગીરાને જીલ્લા ગાર્ડન બાપુનગર પાસેથી મુળ મધ્યપ્રદેશનો શખ્સ રિક્ષામાં બેસાડી ભગાડી ગયો છે. ચાર મહિના પહેલા પણ આ શખ્સ આ સગીરાને ઉઠાવી ગયો હતો. બીજા બનાવમાં ખોખડદળ નદી કાંઠા વિસ્તારમાં રહેતી સગીરાનું ઉપલેટાના કાથરોટા ગામનો શખ્સ અપહરણ કરી ગયો છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ લાપાસરી ગામ પાસે ઝૂપડામાં રહેતાં મુળ મધ્યપ્રદેશના પરિવારની સોળ વર્ષની દિકરીને તે બાપુનગર કાંટા પાસે કડીયા કામની સાઇટ પર મજૂરી કરવા ગઇ હતી ત્યાંથી મુળ એમપીના જાંબુઆના ઢીકર ગામનો ઉમરો નામનો શખ્સ રિક્ષામાં બેસાડી ભગાડી જતાં ભક્તિનગર પોલીસે તપાસ હાથ ધરી છે. આ શખ્સ ચાર મહિનામાં આ બાળાને બીજી વખત અપહરણ કરી ભગાડી ગયો છે. આ બનાવમાં પોલીસે અપહૃત સગીરાના પિતાની ફરિયાદ પરથી ઉમરો નામના એમપીના શખ્સ સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી કડીયા કામની સાઇટ પર છત ભરવાની મજૂરી કરે છે. તેને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. જેમાં દિકરી સોળ વર્ષની છે.



તેમણે આગળ જણાવ્યું હતું કે છઠ્ઠી જુનના રોજ પરિવારના બધા સભ્યો જીલ્લા ગાર્ડન બાપુનગર કાંટા પાસે કડીયા કામની સાઇટ ચાલુ હોઇ બધા ત્યાં મજૂરીએ આવ્યા હતાં. અહિ સાંજના ચારેક વાગ્યે તેમની દિકરી સાઇટ પર કામ પડતુ મુકી નીકળી ગઇ હતી. તેની પાછળ પાછળ તેણીના માસી પણ ગયા હતાં. આ વખતે કાટાથી આગળ ઉમરો નામનો શખ્સ રિક્ષા લઇને ઉભો હોઇ તે તેણીને તેમાં બેસાડી ભગાડી ગયો હતો. બાળાના માસી પાછળ દોડ્યા હતાં પણ રિક્ષા ઉભી રહી નહોતી. બાળાના પિતાએ વધુમાં જણાવ્યું હતું કે ભગાડી જનાર ઉમરો અગાઉ વેલનાથ સોસાયટી રણુજા મંદિર પાસે ઝૂપડામાં રહેતો હતો. અગાઉ પણ આ શખ્સ અઢારમી માર્ચના રોજ મારી દિકરીને ભગાડી ગયો હતો. ત્યારે પણ મેં આજીડેમ પોલીસમાં ફરિયાદ કરી હતી. એ પછી દિકરી મળી ગઇ હતી. હવે તે બીજી વખત તેણીને ભગાડી ગયો છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, નિલેષભાઇ મકવાણા સહિતે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં કોઠારીયા રોડ વેલનાથ સોસાયટી સામે ખોખડદળ નદી કાંઠે રહેતાં અને જુના કપડાનો ધંધો કરતાં પરિવારની સત્તર વર્ષની દિકરીનું અપહરણ થઇ જતાં આ મામલે આજીડેમ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવવામાં આવતાં તપાસ આરંભાઇ છે. સગીરાના પિતાએ ગત છઠ્ઠી જુનના રોજ પોલીસને ફરિયાદ આપી જણાવ્યું છે કે તેને સંતાનમાં ચાર દિકરી અને એક દિકરો છે. જેમાં નાની સત્તર વર્ષની દિકરી તારીખ એક જુનના બપોરે ઘરે એકલી હતી. પરિવારજનો લગ્નપ્રસંગમાં બહારગામ ગયા હતાં. સાંજે બધા પરત આવ્યા ત્યારે આ સત્તર વર્ષની દિકરી જોવા ન મળતાં શોધખોળ શરૂ કરી હતી. પરંતુ પત્તો મળ્યો નહોતો. વધુ તપાસ કરતાં મુળ ઉપલેટાના કાથરોટા ગામનો જયદેવ પરબતભાઇ વાધીયા નામનો શખ્સ જે અગાઉ કેટરીંગમાં કામ કરતો હતો તે તેણીને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઇ ગયાની માહિતી મળતાં પોલીસને જાણ કરી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં પીએસઆઇ પી. એચ. પઢેરીયાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

---

### બેડી ગામનો બનાવઃ બે સગા ભાઇઓએ ફઇના દિકરા સાથે મળી હુમલો કર્યોઃ કુવાડવા પોલીસે દાખલ કરી ફરિયાદ

# શેરીમાં વાહન ધીમુ હાંકવાનું કહેતાં વૃધ્ધ પર ધોકા-પાઇપના ઘા



રાજકોટ તા. ૧૦

શેરીમાં વાહન ધીમુ હંકારવાનું કહેનારા વૃધ્ધ પર તેના જ ગામના બે સગા ભાઇઓ સહિત ત્રણ જણાએ ધોકા-પાઇપથી હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યા હતાં. રાજકોટના મોરબી રોડ પર આવેલા બેડી ગામે આ બનાવ બન્યો હતો. પહેલા હુમલાખોરે વૃધ્ધની ગેરહાજરીમાં તેમના ઘરે જઇ તેમના પત્નિને ધમકી આપી હતી. પછી રાતે વૃધ્ધ મોરબી રોડ પરની હોટલ પાસે ભેગા થઇ જતાં હીચકારો હુમલો કર્યો હતો.

હુમલાની આ ઘટના પર નજર કરીએ તો કુવાડવા રોડ પોલીસે મોરબી રોડ બેડી ગામમાં પાણીના ટાંકા પાસે રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં એકસઠ વર્ષના મોહનભાઇ જાદવભાઇ નંદાણીયાની ફરિયાદ પરથી બેડી ગામના જ સુરેશ જેન્તીભાઇ વડેચા, બાબુ જેન્તીભાઇ વડેચા અને વનરાજ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. મોહનભાઇએ જણાવ્યું હતું કે હું ગત ૨/૫ના રોજ સાંજે ચારેક વાગ્યે બેડી ગામ વિશાલ રેસ્ટોરન્ટ પાસે ગાત્રાળ પાન નજીક હતો ત્યારે અમારા ગામનો સુરેશ વડેચા મને જોઇ જતાં મને કહેવા લાગેલો કે તું કેમ અમારી શેરીમાંથી નીકળે છે? અમારી ડેલી સામે જોતો નહિ. તેમ કહી તે જતો રહ્યો હતો. બાદમાં હું મારા કામ બબ રાજકોટ ગયો હતો.

ત્યારબાદ રાતે નવેક વાગ્યે ઘરે ગયો ત્યારે મારા પત્નિ હંસાએ વાત કરી હતી કે સાંજે હું અને જયદીપના પત્નિ કાજલ ઘરે હતાં ત્યારે સુરેશ આપણા ઘરે આવ્યો હતો અને કહ્યું હતું કે તમારા ઘરવાળાને તમારા ઘરની બહાર કાઢતા નહિ, નહિતર એના ટાંટીયા ભાંગી નાંખીશ, એને મારી નાખીશ તેમ કહી ગાળો દીધી હતી. આ પછી હું રાતે વાળુ કરીને મોરબી રોડ મધુરમ હોસ્પિટલ સામે શ્રી પાન નામની હોટલે હતો ત્યારે સુરેશ, તેનો ભાઇ બાબુ અને અજાણ્યો આવ્યા હતાં. આ લોકોએ ગાળો દીધી હતી અને સુરેશ તથા બાબુએ આજે તો તારા ટાંટીયા ભાંગી જ નાખવા છે, તને પતાવી જ દેવો છે તેમ કહી ધારીયા, પાઇપથી હુમલો કરી ત્રણેક ઘા ડાબા પગમાં મારી દીધા હતાં. તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. દેકારો થતાં લોકો ભેગા થઇ ગયા હતાં જેથી આ બધા ભાગી ગયા હતાં. મને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

સારવાર બાદ રજા અપાઇ હતી. સમાધાનની વાત ચાલતી હોઇ જેથી ફરિયાદ કરી નહોતી. પરંતુ સમાધાન ન થતાં ફરિયાદ કરવી પડી હતી. એક મહિના પહેલા સુરેશ અમારી શેરીમાં તેનું બાઇક ફૂલ સ્પીડથી હંકારી બે ત્રણ વાર નીકળ્યો હોઇ મેં તેને ઉભો રાખી ધીમે હંકારવાનું કહેતાં મનદુઃખ ચાલતું હતું. જનો ખાર રાખી સુરેશ, તેના ભાઇ બાબુ અને ફઇના દિકરા વનરાજે મળી મારા પર હુમલો કરી ધમકી દીધી હતી. તેમ વધુમાં મોહનભાઇએ કહેતાં પીએસઆઇ એ. એ. બ્લોચે ફરિયાદ દાખલ કરી હુમલાખોરો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

---

# રાજકોટથી ગોંડલ સુધીમાં ટ્રેનમાં બનાવ મહિલાનું ૮૭ હજારની મત્તાનું પર્સ ચોરાયું

## અમદાવાદથી લગ્નપ્રસંગે મુળ રાજકોટનું દંપતિ જામજોધપુર જવા ટ્રેનમાં બેઠુ ત્યારે બનાવઃ રેલ્વે પોલીસ દ્વારા તપાસ

રાજકોટ તા. ૧૦

એસટી બસ કે ખાનગી બસોમાં મુસાફરોના માલસામાન, રોકડ, દાગીના પર્સ ચોરાઇ જવાની ઘટના અવાર-નવાર બની છે. ક્યારેક તક મળતાં ચોર ઉઠાવગીર ટ્રેનમાં પણ પહોંચી જતાં હોય છે. આવો જ એક બનાવ સામે આવ્યો છે. મુળ રાજકોટના અને હાલ અમદાવાદ રહેતાં પ્રૌઢ રાજકોટ ભક્તિનગર સ્ટેશનથી પત્નિ સાથે જામજોધપુર જવા ટ્રેનમાં બેઠા ત્યારે ગોંડલ સુધીમાં તેના પત્નિના પર્સમાંથી કોઇ રોકડ-દાગીના મળી ૮૭૩૬૫ની મત્તા સાથેનુંપર્સ ચોરાઇ ગયું હતું.

વિગતો જોઇએ તો આ મામલે રેલ્વે પોલીસે હાલ અમદાવાદ ચાંદલોડીયા નિલકંઠ હાઇટ્સ રૂષીરાજ સર્કલ પાસે બ્લોક નં. એ-૫૦૪માં રહેતાં મુળ શીવરાજ પાર્ક રાજકોટના રમેશભાઇ મુળજીભાઇ માંકડીયાની ફરિયાદ પરથી ચોરીનો ગુનો દાખલ કર્યો હતો. રમેશભાઇ હાલ અમદાવાદ રહી ગેમઝોનનું સંચાલન કરે છે. તેણે જણાવ્યું હતું કે તા. ૩ના રોજ અમદાવાદથી રાજકોટ આવવા ગાંધીનગર-વેરાવળ ટ્રેનમાં બેઠો હતો. સાતમી, આઠમી તારીખે જામજોધપુર સાઢુની દિકરીના લગ્ન હોઇ ત્યાં જવાનું હોઇ જેથી અમે સાધુ વાસવાણી રોડ પર મારા સાળાના ઘરે એક દિવસ રોકાયા હતાં. મારી સાથે મારા પત્નિ પણ હતાં. ત્યારબાદ રાજકોટથી જામજોધપુર જવા તા. ૪ના રોજ અમે બપોરે સવા ત્રણેક વાગ્યે સાધુ વાસવાણી



રોડથી રિક્ષામાં બેસી ભક્તિ નગર રેલ્વે સ્ટેશને પહોંચ્યા હતાં. જ્યાં જનરલ ટિકીટ લઇ અમે ટ્રેન નં. ૧૯૨૦૮માં બેઠા હતાં.

તે વખતે મારા પત્નિ પાસે ખાખલી કલરના થેલામાં નાનુ પર્સ હતું. તેની અંદર પણ બીજુ સફેદ નાનુ પર્સ હતું. તેમાં મારા પત્નિનું સોનાનું પેન્ડલ રૂા. ૪૦૯૬૫નું, સોનાનો ચેઇન ૩૫૬૦૦નો, રોકડા રૂા. ૧૦૮૦૦ મળી કુલ ૮૭૩૬૫ની મત્તા હતી. ભક્તિનગરથી ગોંડલ આવતાં મારા પત્નિએ હાથમાં રહેલા થેલામાંથી પાણીની બોટલ કાઢતાં તે વખતે અંદર નાનુ પર્સ જોવા ન મળતાં તપાસ કરી હતી. પણ મળ્યું નહોતું. મુસાફરી વખતે કોઇએ આ માલમત્તાનું પર્સ ચોરી લીધું હતું. તેમ વધુમાં રમેશભાઇએ કહેતાં રેલ્વે પોલીસે એફઆઇઆર નોંધી તપાસ શરૂ કરી છે.

---

# દારૂ ભરેલી કાર LCB ઝોન-૨ની ઝપટે

## રૂા. ૩૧૨૦૦ની દારૂની ચોવીસ બોટલો મળી : દાસીજીવણપરામાં PSI આર.એચ.ઝાલા અને ટીમની કાર્યવાહી

રાજકોટ તા. ૧૦

શહેર એલસીબી ઝોન-૨ ટીમે વધુ એક વખત દારૂની હેરાફેરી અટકાવી છે.નાના મવા રોડ દાસી જીવણપરામાંથી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે લક્ષ્મીનગરના શખ્સને પકડી લીધો હતો.

એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી મળતાં નાના મવા રોડ દાસી જીવણપરા પાસે બંધ શેરીમાં પ્રાઇમ હોસ્પિટલ પાસે વોચ રાખી જીજે૦૧કેડી-૫૦૧૪ નંબરની હુન્ડાઇ કાર આંતરી લઇ તપાસ કરતાં તેમાંથી રૂા. ૩૧૨૦૦ની



દારૂની ચોવીસ બોટલો મળી આવતાં ચાલક હાર્દિક ભુપતભાઇ ભટ્ટને પકડી લઇ દારૂ, કાર મળી રૂા. ૧,૫૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલો હાર્દિક નાના મવા રોડ પર લક્ષ્મીનગર-૩, નવજીવન મકાન સામ રહે છે. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે હાર્દિક અગાઉ પણ માલવીયાનગરમાં મારામારીના ગુનામાં પકડાયો હતો. પોતે હાલ છુટક મજૂરી કરે છે અને રાજસ્થાન તરફથી દારૂ લાવ્યાનું રટણ કરે છે. તેની આ કેફીયતમાંકેટલુ તથ્ય છે? તેજાણવા વધુ તપાસ માટે રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અનુસાર પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, આર. વી. મિયાત્રા, હેડકોન્સ. રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદિપસિંહ રાણાની ટીમે આ કાર્યવાહી કરી હતી.

---

### મવડી રોડ પર આવેલા અર્જુન જ્વેલર્સ નામના શો રૂમમાં બનાવઃ તાલુકા પોલીસે કરી કાર્યવાહી

# દેણાએ બનાવ્યો ગુનેગાર : કર્મચારીએ શો રૂમમાંથી ચોર્યા દાગીના

## નૈમિષ જાની નામનો હેડ ઓફ ડિપાર્ટમેન્ટ કર્મી કટકે કટકે દાગીના ચોરી સોની બજારમાં વેંચી દેતો હતોઃ કુલ ૨૫ લાખ ૬૨ હજારના દાગીના ચોરી લીધાનું ખુલ્યું

રાજકોટ, તા. ૧૦

શહેરમાં અવાર-નવાર અલગ અલગ શો રૂમમાં કે દૂકાનોમાં ચોરીના બનાવ બનતા રહે છે. જેમાં ઘણીવાર તો જે તે સ્થળે કામ કરતો, નોકરી કરતો કર્મચારી જ કળા કરી ગયાનું ખુલતું હોય છે. આવી જ એક ઘટનામાં મવડી રોડ પર આવેલા અર્જુન જ્વેલર્સ નામના શો રૂમમાંથી હેડ ઓફ ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતો કર્મચારી વિશ્વાસનો ભંગ કરી શો રૂમમાંથી કટકે કટકે રૂપિયા પચ્ચીસ લાખ બાંસઠ હજારના દાગીના ચોરી જતાં તેની આ કરતૂતનો પર્દાફાશ સીસીટીવી કેમેરાને આધારે થતાં તાલુકા પોલીસમાં ગુનો દાખલ કરાવવામાં આવતાં પોલીસે દાગીના કબ્જે કરવા કમર કસી છે. કર્મચારીએ એવુ રટણ કર્યુ હતું કે દેણુ થઇ જતાં પોતે આ ભુલ કરી બેઠો હતો. જો કે તેની આ કરતૂતે તેને ગુનેગાર બનાવી દીધો છે.

વિગતો પર નજર કરીએ તો અર્જુન જ્વેલર્સ નામના શો રૂમમાંથી રૂા. ૨૫,૬૨,૫૦૦ના સોનાના દાગીના ચોરાઇ જતાં મેનેજર દ્વારા પહેલા માલિકને અને બાદમાં પોલીસને જાણ કરાઇ હતી. આ ચોરી શો રૂમમાં જ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તરીકે નોકરી કરતાં કર્મચારીએ કરી હોવાનું ખુલતાં તાલુકા પોલીસે તેને સકંજામાં લેવા અને ચોરેલા દાગીના કબ્જે કરવા તજવીજ શરૂ કરી છે. કર્મચારીએ પોતે દેણામાં આવી ગયો હોવાથી દાગીના કટકે કટકે ચોરી સોની બજારમાં વેંચી નાખ્યાનું રટણ કર્યુ હતું. તેની કરતુતો સીસીટીવી કેમેરામાં પણ કેદ થઇ હતી. તાલુકા પોલીસે મોટા મવા સ્મશાન પાસે ફિલ્ડ માર્શલ રોડ પર આંગન ગ્રીન સીટી બ્લોક નં. ૫૨માં રહેતાં અને મવડી રોડ પર સાતેક વર્ષથી અર્જુન જ્વેલર્સ પ્રા.લિ. નામે સોના-ચાંદીના રીટેલ વેપારના શો રૂમમાં મેનેજર તરીકે નોકરી કરતાં હિતેષભાઇ બાવનજીભાઇ વસોયાની ફરિયાદ પરથી શો રૂમમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તરીકે નોકરી કરતાં નૈમિષ વિજયભાઇ જાની વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

ઘટનાની વિસ્તૃત વિગતો સાથે મેનેજર હિતેશભાઈએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે અમારા શો રૂમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટમાં નૈમિષ જાની તથા યશ ઠુમ્મર ફરજ બજાવે છે. ગતતા. ૨૨/૫ના અર્જુન જ્વેલર્સનુ સ્ટોકનુ કામ યશભાઈ ઠુમ્મર સંભાળતા હોઇ તેમણે સ્ટોક ચેક કરતા શોરૂમની તિજોરીમાં જોતા એક પ્લાસ્ટિકના



પાઉચમાં રાખેલ સોનાના દાગીના જેમાં સોનાના ત્રણ ચેન જેમાં એક ચેન ૮૦ ગ્રામનો હોઇ જેમાંથી એક ભાગ જે આશરે ૧૩.૫ ગ્રામનો ચેઇન પાઉચમાં પડ્યો છે તથા બીજો ભાગ ૬૮.૫ ગ્રામનો ચેઇન જેની કિંમત રૂપિયા ૬.૯૭ લાખ તથા બીજા બે ચેઇન જે ૨૪-૨૪ ગ્રામના એમ કુલ બે ચેઇન ૪૮ ગ્રામના જેની કિંમત રૂપિયા ૪.૮૭ લાખ હોઇ તે ગાયબ હતાં.

આ ઉપરાંત બીજા દાગીના સોનાની ત્રણ વીંટી જે આશરે ૧૬.૫ ગ્રામની એમ કુલ ત્રણ વીંટીના રૂપિયા ૪.૨૮ લાખ, સોનાની માળા ૧.૭૨ લાખ, હાથમાં પહેરવાની રિંગ રૂ. ૭૫,૫૦૦, સોનાનું પેન્ડલ ૧.૭૫ લાખ, બ્રેસલેટ ૫.૨૮ લાખ એમ કુલ ૧૦ નંગ સોનાના દાગીના જેની કિંમત રૂ. ૨૫,૬૨,૫૦૦ છે તે જોવા મળ્યા ન હતા. જેથી આ બાબતે શોરૂમની કોર ટીમને વાત કરી હતી. ત્યારબાદ ફરિયાદીએ તેમના સ્ટાફની પૂછપરછ કરી હતી પરંતુ આ ચોરી થયેલ સોનાના દાગીના બાબતે કંઈ જાણવા મળ્યુ ન હતું. ત્યારબાદ તા. ૬/૬/૨૦૨૫ ના શોરૂમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા તારીખ ૧૫/૩/૨૦૨૫ ના લોકરની બાજુમાં કેસ કાઉન્ટર પર મુકેલ પ્લાસ્ટિકના ડબ્બામાં પ્લાસ્ટિકના પાઉચમાં રહેલા દાગીના પૈકી અમુક દાગીના શો રૂમમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ તરીકે નોકરી કરનાર નૈમીશ જાની ચોરી કરી ગયાનુ નજરે પડ્યું હતું.

આ પછી બીજા દિવસે સાતમી જુનના રોજ નૈમિશને ચોરીના દાગીના બાબતે પૂછતા તેણે કબુલાત આપી હતી કે મારે દેણું થઈ ગયું હોય જેથી મેં સોનાના દાગીના ચોરી કર્યા છે. આ બાબતે શોરૂમના માલિક મનીષભાઈને વાત કરી હતી. બાદમાં શોરૂમ માલિક મનીષભાઈએ નૈમિશને વાતચીત કરવા શોરૂમે બોલાવતા તેને દાગીના બાબતે પુછપરછ કરતા આશરે ૨૫,૬૨,૫૦૦ ના સોનાના દાગીના કટકે કટકે ચોરી કર્યાનું જણાવ્યું હતું. જેથી તેને આ દાગીના પરત આપી દેવાનું કહેતા તેણે ચોરી અંગે રૂપિયા ૨૫ લાખનું લખાણ કરી જેમાં સહી કરી આપી હતી.

ત્યારબાદ આ બાબતે શોરૂમના મેનેજર દ્વારા અહીં શોરૂમના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ નૈમીષ વિજયભાઈ જાની સામે તિજોરીમાં મુકેલ ૨૫૨ ગ્રામ ૧૦ નંગ સોનાના દાગીના કિંમત રૂપિયા ૨૫,૬૨,૫૦૦ ની તારીખ ૧૫/૪/૨૦૨૪થી તારીખ ૧૫/૩/૨૦૨૫ ના સમય દરમિયાન ચોરી કર્યા અંગે આ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદશન હેઠળ પીએસઆઇ એસ. પી. ચૌહાણે ગુનો નોંધી આરોપીની પુછતાછ શરૂ કરી છે. તેણે દાગીના સોની બજારમાં વેંચી માર્યાનું રટણ કર્યુ હોઇ ખરાઇ કરવા અને કબ્જે કરવા પોલીસની ટીમે તજવીજ હાથ ધરી છે. આ બનાવે મવડી વિસ્તારમાં ચર્ચા જગાવી દીધી છે. જ્યાં કામ નોકરી કરતાં હોય ત્યાં જ ખોટુ કરવા જતાં કેવી હાલત થતી હોય છે તે આ બનાવ પરથી સામે આવ્યું છે.

# રાઈડ્સ સંચાલકોમાં હવે અંદરોઅંદર ફાટા

## નવું ગ્રુપ મેદાનમાં : બીજા દિ'એ ૪૦ ફોર્મ ઉપડયા : રમકડાના સ્ટોલની સંખ્યામાં ૨૦નો વધારો



રાજકોટ,તા.૧૦

રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી જન્માષ્ટમી મહોત્સવને લઈ યોજાનાર ભાતીગળ લોકમેળા અંગે આ વખતે વહેલાસર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. જેમાં ગઈકાલથી યાંત્રીક રાઈડ્સ અને સ્ટોલના ફોર્મ વિતરણ શરૂ કરી દેવાયા છે.આ દરમ્યાન રાઈડ્સ સંચાલકોએ એસઓપીમાં ફાઉન્ડેશન સહિતના મુદ્દે બાંધછોડ કરવાની માંગણી ઉઠાવી વહીવટી તંત્રનું નાક દબાવવાના પ્રયાસો કરી લોકમેળાનો બહિષ્કાર કરવા સુધીની ચેતવણી આપી દેતા ભારે વિવાદ સર્જાયો છે. જો કે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા લાખો લોકોની સુરક્ષાના ભોગે એસઓપીમાં કોઈ પણ જાતની બાંધછોડ કરાશે નહીં તેવું ગઈકાલે જ જાહેર કરી દેવામાં આવેલ હતું.

ગઈકાલે લોકમેળાના પાંચ જેટલા ફોર્મ ઉપડયા બાદ આજે બીજા દિવસે ૪૦ જેટલા ફોર્મ બપોર સુધીમાં વેપારીઓએ ઉપાડેલ છે જેમાં સુરેન્દ્રનગરના રાઈડ્સ સંચાલકે એસઓપીનું પાલન કરવાની તૈયારી સાથે ૨૦ જેટલા ફોર્મ ઉપાડી લીધા છે. જે દર્શાવે છે કે રાઈડ્સ સંચાલકોમાં હવે અંદરોઅંદર ફાટા પડવા લાગ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે ગઈકાલે લોકમેળાના સ્ટોલના પાંચ જેટલા ફોર્મ પ્રથમ દિવસે ઉપડયા હતા. જે બાદ આજે ૪૦ જેટલા ફોર્મ વેપારીઓએ ઉપાડયા છે.

જેમાં રાઈડસ સંચાલકોમાં ફાટા પડતા સુરેન્દ્રનગરના રાઈડસ સંચાલકે એક સાથે ૨૦ જેટલા ફોર્મ ઉપાડી લેતા લોકમેળાની રાઈડસ માટે હવે નવું ગ્રુપ પણ મેદાનમાં આવી જવા પામ્યું છે. જયારે લોકમેળામા આઈસ્ક્રીમ, ખાણીપીણી રમકડા સહિતના સ્ટોલોના ૨૫ જેટલા ફોર્મ અત્યાર સુધીમાં વેપારીઓએ ઉપાડયા છે. આગામી દિવસોમાં લોકમેળાના ૨૩૮ જેટલા સ્ટોલ-પ્લોટ માટેની હરરાજી કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા લોકમેળાનો નકશો પણ જાહેર કરી દેવામાં આવેલ છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, લોકમેળામાં આઈસ્ક્રીમના ચોકઠાને પાંચ દિવસનું ભાડુ સૌથી વધુ રૂા.૪.૫૦ લાખ નિયત કરાયેલ છે જયારે ૫૦ બાય ૮૦ ફુટની મોટી રાઈડસનું ભાડુ ૪.૨૦ લાખ નકકી કરાયું છે. ગત વર્ષની તુલનામાં આ વખતે રમકડાના સ્ટોલની સંખ્યામાં ૨૦નો વધારો કરવામાં આવેલ છે. જયારે એફ કેટેગરીની યાંત્રીક રાઈડસમાં ૪નો ઘટાડો કરવામાં આવ્યો છે.

### SOP હળવી નહીં કરાય તો ગુજરાતના તમામ લોકમેળાનો બહિષ્કાર કરાશે

લોકમેળાની એસઓપી હળવી નહીં કરાય તો ગુજરાતના તમામ લોકમેળાનો બહિષ્કાર કરાશે તેવી ગઈકાલે બાલભવન ખાતે મળેલી ગુજરાત એમ્યુઝમેન્ટ એસોસીએશનની બેઠકમાં એસો.ના હોદેદારોએ ચેતવણી આપી આ અંગેનો ઠરાવ કર્યો હતો.એમ્યુઝમેન્ટ એસોસીએશનના હોદેદારોએ જણાવ્યું હતું કે લોકમેળામાં રાઈડસ માટે ફાઉન્ડેશન ભરવું શકય નથી. કે લોખંડની રાઈડસના બીલ આપવા પણ શકય ન હોય, તેઓની પાસે જે રાઈડસ છે તેની સાથે જ તેનું ફાઉન્ડેશન પણ હોય છે. જેથી નવું ફાઉન્ડેશન ભરવું શકય નથી. ગુજરાત સરકાર અને વહીવટી તંત્રએ એસઓપીના નિયમોમાં ફેરફાર કરી નિયમોને હળવા કરવા અતિ આવશ્યક છે. ૨૫ મે ૨૦૨૫થી ગુજરાતમાં મેળાઓ અંગેની એસઓપી જાહેર કરવામાં આવ્યા પછી એક પણ મેળો યોજાયેલ નથી. જયાં મેળો યોજાયો છે ત્યાં એસઓપીના નિયમોને લઈને તંત્ર દ્વારા રાઈડસ સંચાલકોને હેરાન-પરેશાન કરવામાં આવેલ હતા. જેથી એસઓપી હળવી કરવી અતિ જરૂરી છે તેમ પ્રશાંત ભટ્ટ અને કૃણાલ ભટ્ટે જણાવ્યું હતું. રાઈડસના નિયમોની પ્રક્રિયા સરળ કરાઈ તે તેઓની માંગ છે. જો આ બાબતે રાજય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરાય તો રાજયભરના મેળાઓનો તેઓ બહિષ્કાર કરશે.



# કટારીયા ચોકડીએ ૨૫ મકાનો ધ્વંસ

## ફલાયઓવરના કામ માટે ૧૫ કરોડનો પ્લોટ ખુલ્લો કરાયો : સર્વિસ રોડનું કામ શરૂ થશે

રાજકોટ, તા. ૧૦

કાલાવડ રોડ પર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કટારીયા ચોકમાં ફલાયઓવરનુ કામ શરૂ કરતા પૂર્વે ડાયવર્ઝન અને સર્વિસ રોડના કામ ચાલી રહ્યા છે ત્યારે નવા રીં ગ રોડ ટચ આવા જ રોડ પર ખડકાયેલા ૨૫ જેટલા કાચા-પાકા મકાનો પર ટીપી શાખાએ બુલડોઝર ફેરવી દીધા છે. આ રીતે ૧૫ કરોડની જમીન તંત્રએ ખુલ્લી કરાવી છે.

કમિશનરના હુકમથી અને ડે.કમિશનરના માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોન ટીપી શાખાએ આજે સવારે આ ઓપરેશન કર્યુ હતું. કોર્પો.ને વોર્ડ નં.૧૧માં ટીપી સ્કીમ નં.૧૦ મોટા મવા, અંતિમ ખંડ નં.૭૯/બીમાં કટારીયા ચોકડીએ સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રકચર હેતુનો પ્લોટ મળેલો છે.

ચોકડીથી જમણી તરફ પોલીસ સ્ટેશન સામે અને લક્ષ્મીના ઢોરા પહેલા આવેલ આ જગ્યા પર ૨૫જેટલા કાચા-પાકા મકાનો બંધાઈ ગયા હતા. આ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવીને ૧૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. અહીં પ્રતિ ચો.મી. ભાવ રૂા. એક લાખ ગણતા જગ્યાની બજાર કિંમત ૧૫ કરોડ હોવાનુ વિભાગે જણાવ્યું હતું. આ અંગે વેસ્ટ ઝોનના સીટી ઈજનેર કુંતેશ મહેતાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, કટારીયા ચોકડીએ વિશાળ કેબલ બ્રીજનું મુખ્ય કામ શરૂ કરતા પૂર્વે રોડની બંને તરફ ડાયવર્ઝન સાથે સર્વિસ રોડના કામ કરવામાં આવી રહ્યા છે.

આ જગ્યાએ મકાનના દબાણ હતા. ત્યાંથી વાહનો માટે વૈકલ્પિક સર્વિસ રોડ બનાવવાના થાય છે. આથી આ જગ્યા ખુલ્લી કરાવવામાં આવી છે. આ ડિમોલીશનમાં ટીપી શાખાનો કાફલો, એસ્ટેટ, ફાયર, રોશની, વિજીલન્સ પોલીસ અને પીજીવીસીએલના કર્મચારીઓ જોડાયા હતા.

વેસ્ટ ઝોનમાં કટારીયા ચોકડી પાસે બ્રીજના કામના ભાગરૂપે સર્વિસ રોડ બનાવવાનો છે. આ જગ્યા પર ગેરકાયદે ખડકાયેલા ૨૫ મકાનોના ડિમોલીશન કરી જગ્યા ખુલ્લી કરાવાઇ છે.

# પોલીસની ભરતી સમયે ST દોડાવશે એકસ્ટ્રા બસ

## સમગ્ર રાજ્યમાંથી અંદાજે ૨.૪૮ લાખ ઉમેદવાર આપશે પરીક્ષા : આ પરીક્ષા રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર સ્થિત પરીક્ષા કેન્દ્રો પર લેવાશે



રાજકોટ,તા.૧૦

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન લોકરક્ષક (LRD) કેડરની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર સ્થિત પરીક્ષા કેન્દ્રો પર લેવાશે, જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૨.૪૮ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે.

આ વિશાળ સંખ્યામાં ઉમેદવારોની સુવિધા માટે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. GSRTC દ્વારા ૧૪ અને ૧૫ જૂન, ૨૦૨૫ ના રોજ વિવિધ જિલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રો નજીકના ડેપો સુધી પહોંચવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ઉમેદવારોના ધસારાને ધ્યાનમાં રાખીને, નિગમ દ્વારા આ એક્સ્ટ્રા બસ સેવાઓ માટે ઓનલાઈન એડવાન્સ ટિકિટ બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉમેદવારો નિગમના ડેપો ખાતેથી અથવા GSRTCની વેબસાઈટ http://gsrtc.in પરથી કાઉન્ટર અને ઓનલાઈન બુકિંગનો લાભ લઈ શકશે.

નિગમના ટોલ ફ્રી નંબર પરથી મળી રહેશે જાણકારી. પરીક્ષા સંબંધી સંચાલન અને બસ સેવાઓ અંગેની કોઈપણ પૂછપરછ માટે, ઉમેદવારો નિગમના ટોલ-ફ્રી નંબર. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ પર ૨૪ કલાક સંપર્ક કરીને જાણકારી મેળવી શકે છે. ઋજીછ્‌ઝ્રએ ખાતરી આપી છે કે આ વ્યવસ્થાથી ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં કોઈ અગવડ નહીં પડે અને તેઓ સરળતાથી પ્રવાસ કરી શકશે.

# કોરોનાના કારણે રાજકોટમાં પ્રથમ મોત

## ગાંધીગ્રામના પ્રૌઢે જીવ ખોયો : હાલ કુલ ૧૧૪ એક્ટિવ કેસ : ૬૧ દર્દી કોરોના મુકત થયા

રાજકોટ, તા. ૧૦

રાજકોટ શહેરમાં કોરોનાના કેસમાં કોઇ ઘટાડો દેખાતો નથી. ગઇકાલે ફરી કોરોનાના નવા ૯ કેસ નોંધાતા રાજકોટમાં અત્યાર સુધીનો પોઝીટીવ આંકડો ૧૧૪ ઉપર પહોંચ્યો છે. ફરી વોર્ડ નં.૮માં કાલાવડ રોડ સહિતના વિસ્તારમાં ૩ દર્દી નોંધાયા છે તો કુલ ૬૧ દર્દી કોરોના મુકત પણ થયાનું આરોગ્ય વિભાગે જાહેર કર્યુ છે. ગત રાત્રે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવેલા ગાંધીગ્રામ વિસ્તારના ૫૫ વર્ષના પુરૂષનું ટુંકી સારવારમાં મૃત્યુ થતા આજે આરોગ્ય તંત્રમાં દોડધામ મચી હતી. આ દર્દીએ બહારગામનો પ્રવાસ કર્યો ન હતો અને વેકસીનના પણ ત્રણ ડોઝ લીધા હોવાનું બહાર આવ્યું છે.

આરોગ્ય વિભાગની ટીમે વોર્ડ નં.૧ના આ ગાંધીગ્રામ વિસ્તારમાં જયાં દર્દી રહેતા હતા તે વિસ્તારમાં સર્વેલન્સ અને ટ્રેસીંગની કામગીરી હાથ ધરી છે. સાથે જ આ દર્દીને અન્ય બિમારીઓ (કો-મોર્બીડ) હોવાનું પણ જાણવા મળેલ છે.

ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષના પુરૂષને પાંચ-છ દિવસથી શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. ચારેક દિવસ પહેલા તેમને હળવા તાવનું નિદાન થતા પંચનાથ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને રાબેતા મુજબની સારવાર આપીને એઇમ્સ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા.

### મોરબી રોડ બાયપાસ અતિથી દેવો ભવ હોટેલ પાસેના બનાવમાં રેલનગરના પરિવારમાં કલ્પાંત

# જમવા જતાં વૃદ્ધાને રસ્તામાં ભેટ્યા જમ

## મોટા દિકરાના વાહનમાં બેસી નાના દિકરાના ઘરે જતાં હતાં ત્યારે અજાણ્યો કારનો ચાલક અડફેટે લઈ ભાગી ગયો

રાજકોટ તા. ૧૦

જીવલેણ અકસ્માત સર્જી વાહન લઈને ભાગી જવાની ઘટના અવારા-નવાર બનતી રહે છે. હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં એક જિંદગી ખતમ થઇ ગઇ છે. શહેરના મોરબી રોડ બેડી ચોકડી નજીકથી રવેચી હોટલથી અતિથી દેવો ભવ-એડીબી હોટલ તરફના રસ્ત હિટ એન્ડ રનની ઘટનામાં રેલનગરમાં રહેતાં વૃધ્ધા અને તમના પુત્રને ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ માતાનું ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. સોની પરિવાના આ વૃધ્ધા પોતાના મોટા દિકરાના વાહન પાછળ બેસી એડીબી હોટલ પાછળ રહેતાં નાના દિકરાના ઘરે જમવા માટે જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલક અંગે તપાસ શરૂ કરી હતી.



વિગતો પર નજર કરીએ તો રેલનગર કર્ણાવતી સ્કૂલ પાસે શ્રીનાથજી પાર્ક-૫માં રહેતાં ત્યાંસી વર્ષના પુષ્પાબેન અશોકભાઇ નાંઢા નામના વૃધ્ધા બપોરે પોતાના ત્રેપન વર્ષના પુત્ર અરવિંદભાઇ અશોકભાઇ નાંઢા ના બાઇક પાછળ બેસીની અતિથી દેવો ભવ હોટેલ પાછળ રહેતાં નાના દિકરા સંજયભાઇના ઘરે જમવા માટે જતાં હતાં. મા-દિકરો મોરબી બાયપાસ પાસે રવેચી હોટેલથી એડીબી હોટેલ તરફ જતાં હતાં ત્યારે અજાણી કારનો ચાલક તેમના મોટરસાઇકલને ઠોકર મારી ભાગી જતાં માતા-પુત્ર બંને રોડ પર ફેંકાઇ ગયા હતાં.

આ અકસ્માતને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને થોડીવાર ટ્રાફિક જામ થઇ ગયો હતો. કોઇએ જાણ કરતાં ૧૦૮ આવી પહોંચી હતી અને ઘાયલ થયેલા માતા-પુત્રને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ માતા પુષ્પાબેનને ડોક્ટરે નિષ્પ્રાણ જાહેર કરતાં નાંઢા-સોની પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, શક્તિસિંહ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇએ બી-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં ત્રણ દિકરા અને એક દિકરી છે.પુષ્પાબેનના પતિ હયાત નથી. પોલીસે અકસ્માત સર્જી ભાગી જનારા અજાણ્યા કારચાલકની શોધખોળ શરૂ કરી છે. સીસીટીવી કેમેરા ચેક કરવા કવાયત હાથ ધરી છે.

### દુઃખદ અવસાન / બેસણું



**અવસાન નોંધ :**

રાજકોટ : ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ, રાજકોટ નિવાસી જયાબેન પ્રવિણચંદ્ર ત્રિવેદી(ઉ.૯૧) તે સ્વ.સરલાબેન પ્રવિણચંદ્ર ત્રિવેદી, દીપકભાઈ પ્રવિણચંદ્ર ત્રિવેદી, જયંતભાઈ પ્રવિણચંદ્ર ત્રિવેદી તેમજ કમલેશભાઈ પ્રવિણચંદ્ર ત્રિવેદીના માતુશ્રીનું તા,૧૦/૦૬/૨૦૨૫ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૨/૦૬/૨૦૨૫ ને ગુરુવારે, સાંજે ૫ થી ૬, શ્રી કષ્ટભંજન મહાદેવ મંદિર, સિંચાઈનગર, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

### ભાવભીની શ્રધાંજલિ

જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કે જેના ઘા કદી રુઝાતા નથી. આપની વિદાય પણ અમારા સૌ માટે એવી જ અસહ્ય છે. જીવન પર્યત આપશ્રીએ સુચવેલા સુશીલ સંસ્કારોનું અમો સતત જતન કરતા રહીશું. આપની પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ હાજરી પણ અમો અમારી આસપાસ જ અનુભવીએ છીએ. આપની યાદગીરીના છોડને અમો કાયમ તાજો રાખીશું. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારા સૌની પ્રાર્થના. ઓમ શાંતિ ઓમ શાંતિ ઓમ શાંતિ

લિ. સમસ્ત ત્રિવેદી પરિવાર, રાજકોટ